RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 24-10-2026 I VOL : 12 I Issue : 219 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

સમયની કિંમત સમજશો તો જીવનની કિંમત સમજાશે.

3



નેશનલ હાઈવે પર મોત બનીને ઘૂમતા રખડતાં ઢોર પર સુપ્રીમ કોર્ટના આદેશ...

4



ગોમાતાની સેવા અને સનાતન સંસ્કૃતિનું અદ્ભુત શિખર: અનંત...

6



પ્રિયંકા અને સૈફનું કોલબરેશન ફરી થતાં થતાં રહી ગયું

7



21 ચોગ્ગા, 10 છગ્ગા, 116 બોલમાં 202 રન: બ્રુક ગિલનો રેકોર્ડ તોડ્યો

### ખડગેએ રાષ્ટ્રીય સુરક્ષા, આર્થિક સુરક્ષા અને રાજનૈતિક જવાબદારીને લઈને 3 સવાલો કર્યા

# ચીનને ક્લીનચીટ આપવાનું બંધ કરો: ખડગે

નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ તણાવ મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી છે. તેમણે વડાપ્રધાન મોદીને ચીનને 'ક્લિન ચીટ' ન આપવા અને દેશ સામે સાચું ચિત્ર રજૂ કરવા જણાવ્યું. ખડગેએ રાષ્ટ્રીય સુરક્ષા, આર્થિક સુરક્ષા અને રાજનૈતિક જવાબદારીને લઈને 3 સવાલો કર્યા. ITBPના DGના નિવેદન બાદ વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભારત-ચીન સરહદ પર અરુણાચલ પ્રદેશમાં થયેલા તણાવ અંગે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ITBPના DG શત્રુજીત કપૂરના તાજેતરના નિવેદન બાદ ખડગેએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનને 'ક્લિન ચીટ' આપવાનું બંધ કરવું જોઈએ અને દેશ સામે સાચું ચિત્ર રજૂ કરવું જોઈએ. તેમણે રાષ્ટ્રીય સુરક્ષા, આર્થિક સુરક્ષા અને રાજનૈતિક જવાબદારીને લઈને ત્રણ તીખા સવાલો પૂછ્યા છે. રાષ્ટ્રીય સુરક્ષા: ડાંગમે અને ગલવાન બાદ શું અરુણાચલ પ્રદેશમાં ફરીથી સૈન્ય એન્કાઉન્ટર/ફેસઓફ થઈ રહ્યું છે? ઓગસ્ટમાં પણ ચીની ઘૂસણખોરીના અહેવાલો આવ્યા હતા. કોર્પ્સ કમાન્ડર કક્ષાની વાટાઘાટોના 47 દિવસ વીતી ગયા છતાંય તણાવ કેમ યથાવત્ છે?. શું ભારતના પેટ્રોલિંગ કરવાના અધિકાર સાથે કોઈ સમાધાન કરવામાં આવ્યું છે?



આર્થિક સુરક્ષા: ગલવાનમાં 20 ભારતીય જવાનોના બલિદાન પછી પણ ચીનમાંથી આયાતમાં 102%નો ઉછાળો આવ્યો છે, અને વેપાર ખાધ (Trade Deficit) 155% વધીને 112.16 અબજ ડૉલર થઈ ગઈ છે. શું 'મેક ઈન ઈન્ડિયા' હવે 'ઈમ્પોર્ટ ફ્રોમ ચાઈના' બની ગયું છે?ખડગેએ સવાલો ઉઠાવતાં કહ્યું કે,દેશને અંધારામાં કેમ રખાઈ રહ્યો છે?: સરકારે આ મામલે દેશની જનતાને સત્ય જણાવવું જોઈએ.

વિદેશ મંત્રાલયે આપી સ્પષ્ટતા

અરુણાચલ પ્રદેશ સરહદ પર તણાવની સ્થિતિ અંગે ITBPના મહાનિર્દેશકના નિવેદન પર ભારતીય વિદેશ મંત્રાલયે પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે ભારત-ચીન સરહદી વિસ્તારોમાં સ્થિતિ ત્યારે બગડે છે, જ્યારે ચીની સેના પોતાની નક્કી કરેલા પેટ્રોલિંગની પ્રક્રિયાથી અલગ હટી જાય છે. તેમણે ઉમેર્યું કે, બંને પક્ષો LAC પરના બાકી મુદ્દાઓને ઉકેલવા અને કોઈપણ પ્રકારની ગેરસમજ કે ખોટા આકલનથી બચવા માટે હાલની રાજનૈતિક અને લશ્કરી સિસ્ટમનો ઉપયોગ ચાલુ રાખી રહ્યા છે. દ્વિપક્ષીય સંબંધોના વિકાસ માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવી અત્યંત આવશ્યક છે. ITBPના DG શત્રુજીત કપૂરે તાજેતરમાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી LAC પર ચીનની PLA સેના અને ભારતીય સૈનિકો વચ્ચે કેટલીક વાર ફેસઓફની સ્થિતિ ઊભી થઈ હતી, જેનો ITBP એ સામનો કર્યો હતો. તેમના આ નિવેદન બાદ વિપક્ષી પક્ષો સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા છે.

## ચીનની ઘૂસણખોરી-સરહદી ઘર્ષણનું સત્ય છુપાવવાનો ગંભીર પર્દાફાશ

### અરુણાચલ પ્રદેશમાં ચીની સૈનિકો સાથે સતત અથડામણો છતાં કેન્દ્ર સરકારના મૌન સામે દેશવ્યાપી આક્રોશ અને રાજદ્રોહના આક્ષેપો

નવી દિલ્હી

ભારત અને ચીન વચ્ચે સરહદ પર ચાલી રહેલા તણાવને લઈને અત્યાર સુધી પડદા પાછળ રાખવામાં આવેલી ઘણી ચોંકાવનારી વાતો હવે સપાટી પર આવી ગઈ છે. દેશના સુરક્ષા તંત્ર અને કેન્દ્ર સરકારની કાર્યશૈલી સામે અત્યાર સુધીના સૌથી મોટા અને ગંભીર સવાલો ઊભા થયા છે. આઈટીબીપીના મહાનિર્દેશક શત્રુઘ્ન કપૂર દ્વારા આપવામાં આવેલા એક સનસનીખેજ અને વિસ્ફોટક



નિવેદને દેશના રાજકારણમાં અને રક્ષા ક્ષેત્રમાં ખળભળાટ મચાવી દીધો છે. તેમના આ નિવેદને મોદી સરકારના દાવાઓની પોલ ખોલી નાખી છે અને દેશની સુરક્ષા સામે તોળાતા ખતરા તરફ ગંભીર અંગૂનિર્દેશ કર્યો છે. ડીજી આઈટીબીપી શત્રુઘ્ન કપૂરે સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે છેલ્લા કેટલાક સમયથી અરુણાચલ પ્રદેશમાં સરહદ પર અનેક સ્થળોએ ચીની સૈનિકો સાથે ભારતીય દળોની ગતિવિધિઓ અને અથડામણો થઈ રહી છે, જે સિલસિલો હજુ અટક્યો નથી અને હજુ પણ ચાલુ છે. અત્યાર સુધી સરકાર દ્વારા એવું ચિત્ર ઊભું કરવામાં આવતું હતું કે સરહદ પર બધું જ સમસૂતરું છે અને કોઈ મોટી ઘટના નથી ઘટી રહી, પરંતુ આઈટીબીપીના વડાના આ નિવેદને સરકારી દાવાઓની હવા કાઢી નાખી છે. આ મામલે હવે સૌથી મોટો અને ચોંકાવનારો ખુલાસો એ સામે આવી રહ્યો છે કે મોદી સરકારે ગત જુલાઈ મહિનાથી જ ચીની સૈનિકો સાથે થઈ રહેલી આ તમામ અથડામણો અને સરહદી ઘર્ષણના અહેવાલોને જાણી જોઈને દબાવી દીધા છે અને જનતાની નજરોથી છુપાવીને રાખ્યા છે.

## ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની ખુરશી જોખમમાં

### ઓમ બિરલાએ કહ્યું- વિપક્ષ નવો પ્રસ્તાવ લાવશે તો તપાસ થશે

નવી દિલ્હી

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું કે જો મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા માટે વિપક્ષ નવો મહાભિયોગ પ્રસ્તાવ લાવશે, તો તેના પર વિચાર કરવામાં આવશે. તેમણે કહ્યું કે નોટિસ મળ્યા બાદ નિયમો અને નિર્ધારિત પ્રક્રિયા હેઠળ તેની તપાસ કરવામાં આવશે. જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા માટે વિપક્ષ અત્યાર સુધીમાં બે વખત નોટિસ આપી ચૂક્યો છે. પહેલીવાર લોકસભા અને રાજ્યસભામાંથી નોટિસ ફગાવી દેવામાં આવી હતી. બીજીવાર રાજ્યસભામાં આપવામાં આવેલી નોટિસ પર હજુ નિર્ણય લેવાયો નથી. સરકાર આ જ મહિને સંસદનું વિશેષ સત્ર બોલાવી શકે છે. વિપક્ષ તેમાં ત્રીજીવાર જ્ઞાનેશ કુમારને હટાવવાનો પ્રસ્તાવ લાવી શકે છે. વિપક્ષ સહિત અનેક સંગઠનો SIRમાં ગેરરીતિનો આરોપ લગાવીને દેશના જુદા જુદા ભાગોમાં જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને પ્રદર્શન કરી રહ્યા છે.

## દિલ્હી દુનિયાનું બીજું સૌથી પ્રદૂષિત શહેર

નવી દિલ્હી

વિશ્વભરમાં હવે પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી રહ્યું છે. આ દરમિયાન એક અહેવાલે દિલ્હીવાસીઓની ઊંઘ ઊડાડી દીધી છે. પ્રદૂષણ મામલે દિલ્હી હવે ટોપ-3 દેશોમાં બીજા ક્રમે પહોંચી ગયું છે. જ્યારે લાહોરે પ્રદૂષણમાં દિલ્હીને પાછળ છોડી દીધું છે અને તે દુનિયાનું સૌથી પ્રદૂષિત શહેર બની ગયું છે. પાકિસ્તાનનું લાહોર શહેર શુક્રવારે એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 344 પર પહોંચી જતાં વૈશ્વિક રેન્કિંગમાં મોખરે આવ્યું છે. સ્વિસ વેબસાઈટ IGAir ના આંકડા મુજબ લાહોરની હવામાં PM 2.5 ની માત્રા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ની ગાઈડલાઈન કરતાં 57 ગણી વધુ નોંધાઈ છે, જે કેન્સરકારક અને સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે. આ લિસ્ટમાં ભારતની રાજધાની દિલ્હી બીજા ક્રમે છે. શુક્રવારે સવારે દિલ્હીનો AQI 244 નોંધાયો હતો જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક શ્રેણીમાં આવે છે.

### RTIમાં ખુલાસો- ચર્ચા વિના નિર્ણયો લેવાતા કેબિનેટ સુધી પહોંચ્યો મામલો!

# ચૂંટણી પંચમાં ડખા: બે કમિશનરોનો પોતાના જ અધિકારી સામે મોરચો

નવી દિલ્હી

ચૂંટણી પંચના અધિકારીઓની કામગીરીને લઈને વિવાદ અંગેની નવી માહિતી સામે આવી છે. ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધૂ અને વિવેક જોશીએ સીનિયર ડેપ્યુટી ચૂંટણી કમિશનર મનીષ ગર્ગ વિરુદ્ધ કેબિનેટ સચિવાલયમાં ફરિયાદ કરી હતી. જોકે, કોઈ કાર્યવાહી થઈ નહીં. નિવૃત્ત કોમોડોર લોકેશ કે. બત્રાને RTIમાં મળેલા જવાબથી આ માહિતી સામે આવી છે. તેના અનુસાર, બંને કમિશનરોએ 29 જુલાઈ 2026ના રોજ કેબિનેટ સચિવ ટીવી સોમનાથનને અલગ-અલગ પત્રો લખ્યા હતા.





આરોપ હતો કે મનીષ ગર્ગે ચૂંટણી પંચ અથવા સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કર્યા વિના વરિષ્ઠ અધિકારીઓની કામગીરીના વિભાજનમાં ફેરફાર કરવાનો આદેશ જારી કર્યો હતો. જોકે, કેબિનેટ સચિવાલયે જણાવ્યું હતું કે ફરિયાદો સમગ્ર ચૂંટણી પંચ તરફથી નહીં, પરંતુ બંને કમિશનરોએ વ્યક્તિગત રીતે મોકલી હતી. આવી સ્થિતિમાં કાર્યવાહી કરવી ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાની કામગીરીમાં દખલ માનવામાં આવી શકતી હતી.

ફરિયાદ કોણે કરી: ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધૂ અને વિવેક જોશીએ 29 જુલાઈ 2026ના રોજ કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથનને અલગ-અલગ પત્ર લખ્યા.

કોની વિરુદ્ધ હતી: સિનિયર ડેપ્યુટી ઈલેક્શન કમિશનર મનીષ ગર્ગ વિરુદ્ધ.

## બિહારની ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ: પતિ-પત્ની, પુત્રી સહિત 7નાં મોત

સિવાન

બિહારના સિવાનમાં ફટાકડા બનાવતી વખતે થયેલા વિસ્ફોટમાં પતિ-પત્ની અને તેમની પુત્રી સહિત 7 લોકોનાં મોત થયા છે. જામો પોલીસ સ્ટેશન વિસ્તારના અલમાપુર ગામના એક મકાનમાં ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક વિસ્ફોટો થવા લાગ્યા. આ વિસ્ફોટમાં આખું મકાન ઊડી ગયું. લોકોનાં મૃતદેહો રસ્તા પર વિખેરાઈ ગયા. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, લગભગ દોઢ કલાક સુધી અટકી-અટકીને વિસ્ફોટો થતા રહ્યા. એસપી ભારત સોનીએ જણાવ્યું કે અત્યાર સુધી મૃતદેહોની ઓળખ થઈ શકી નથી. 20 વર્ષ પહેલાં ફટાકડા બનાવવાનું લાઈસન્સ લેવામાં આવ્યું હતું. જોકે, હાલમાં લાઈસન્સ માન્ય છે કે નહીં, તેની તપાસ કરવામાં આવી રહી છે. જે મકાનમાં ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા.

## જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોને મળી મોટી સફળતા બે આતંકવાદી મદદગારો ઝડપાયા

### તુર્કિયેમાં બનેલી અત્યાધુનિક પિસ્તોલ અને બે ખતરનાક IED જપ્ત છેલ્લા 60 દિવસમાં 18 પાક્કા શંકાસ્પદોની ધરપકડ

બારામુલ્લા

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળો અને પોલીસ દ્વારા આતંકવાદ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં એક પછી એક મોટા ખુલાસા થઈ રહ્યા છે. સુરક્ષાદળોએ બારામુલ્લા જિલ્લામાંથી બે આતંકવાદી મદદગારોની ધરપકડ કરીને એક મોટા કાવતરાને નિષ્ફળ બનાવ્યું છે. આ કાર્યવાહી દરમિયાન તેમની પાસેથી વિદેશી હથિયારો અને વિસ્ફોટકોનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, જે સુરક્ષા એજન્સીઓ માટે ચિંતાનો અને દેશ વિરોધી તાકાતો માટે મોટો ફટકો સાબિત થયો છે. સુરક્ષાદળોએ પકડાયેલા આતંકવાદી મદદગારો પાસેથી તુર્કિયેમાં બનેલી અત્યાધુનિક પિસ્તોલ તેમજ બે જીવંત IED ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ જપ્ત કર્યા છે. તુર્કિયેમાં બનેલા આ હથિયારોનો ઉપયોગ સુરક્ષાદળોને નિશાન બનાવવા અને ઘાતક હુમલાઓ અંજામ આપવા માટે કરવામાં આવનાર હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આઈઈડી મળી આવ્યા બાદ સુરક્ષાદળોની બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા તેને ત્વરિત અને સુરક્ષિત રીતે નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા.

## રાહુલ યંગસ્ટર્સમાં ફેવરિટ, ભાજપ ગંભીરતાથી લે: થરુર

### એક દિવસ પહેલા PM મોદીએ ફેલ પ્રોડક્ટ કહ્યા હતા, શશિ થરૂરે વિપક્ષ નેતાનો બચાવ કર્યો

નવી દિલ્હી

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે શુક્રવારે ભાજપને સલાહ આપી. તેમણે કહ્યું કે ભાજપે રાહુલ ગાંધીને ગંભીરતાથી લેવા જોઈએ, કારણ કે છેલ્લા કેટલાક મહિનાઓમાં રાહુલે યુવા મતદારોમાં લોકપ્રિયતા મેળવી છે. થરૂર NDTV વર્લ્ડ સમિટમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે મને લાગે છે કે ભાજપે રાહુલ પર ધ્યાન આપ્યું છે, તેથી તે તેમને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે. એક દિવસ પહેલાં PM નરેન્દ્ર મોદીએ આ જ કાર્યક્રમમાં રાહુલ



ગાંધીનું નામ લીધા વિના કહ્યું હતું કે ખબર નથી કોંગ્રેસ પોતાના નિષ્ફળ પ્રોડક્ટના લોન્ચિંગ માટે દેશને કેટલા સમય સુધી દાવ પર લગાવતી રહેશે. કાર્યક્રમમાં થરૂરે કોંગ્રેસથી અલગ મત ધરાવવા અંગે પણ વાત કરી, પરંતુ કહ્યું કે તેઓ પાર્ટીની નીતિઓનું સંપૂર્ણ સમર્થન કરે છે. ઈમરજન્સી દરમિયાન વિપક્ષ એકજૂથ હતો, આજે પણ એ જ સ્થિતિ છે: પીએમ મોદી અવારનવાર ઈમરજન્સી અને તેને સમાપ્ત કરવાની વાત કરે છે. ઈમરજન્સી કેવી રીતે સમાપ્ત થઈ હતી? વિપક્ષના એકજૂથ થવાથી, જેમાં RSS અને ભાજપ સમાજવાદીઓ તથા ડાબેરીઓ સાથે આવ્યા હતા. સૌએ મળીને ઈમરજન્સી લાદનારી સરકારને હરાવી હતી. આ ભારતનો તાજેતરનો રાજકીય ઈતિહાસ છે, માત્ર અડધી સદી જૂની વાત છે."

### એક નજર...

#### અવનીત કૌરના ટ્રેડિશનલ અવતારે વધાર્યા ફેન્સના ધબકારા



ટીવીથી લઈને બોલિવૂડ સુધી પોતાનું નામ બનાવનાર 25 વર્ષીય અવનીત કૌર પોતાની સુંદરતાની સાથે સાથે અભિનયથી ચાહકોના દિલ જીતી લે છે. અભિનેત્રી અવનીત કૌર પોતાની બોલ્ડનેસથી બોલિવૂડ સુંદરીઓને જોરદાર ટક્કર આપે છે. તાજેતરમાં, તેની નવીનતમ તસવીરો સામે આવી છે. સોશિયલ મીડિયા પર તેની તસ્વીરો વાયરલ થાય છે.

### NEWS TRACK

#### તિબેટમાં 7ની તીવ્રતાનો ભૂકંપ, 16નાં મોત, 54 ઘાયલ: 10 કિમી ઊંડાઈમાં હતું કેન્દ્ર

તિબેટમાં 7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ભારતીય સમય અનુસાર ગુરુવારે રાત્રે 8:03 વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેમાં 16 લોકોનાં મોત થયા છે અને 54 લોકો ઘાયલ થયા છે. તેનું કેન્દ્ર તિબેટની રાજધાની લ્હાસાથી લગભગ 400 કિલોમીટર દૂર તિબેટના નાગકૂ વિસ્તારમાં જમીનથી 10 કિલોમીટરની ઊંડાઈએ હતું. ચીનના ભૂકંપ નેટવર્ક કેન્દ્ર (CENC) અનુસાર ભૂકંપના આંચકા સ્થાનિક વિસ્તારમાં સ્પષ્ટપણે અનુભવાયા હતા. આ ઉપરાંત, પાકિસ્તાનમાં 4.9 અને અફઘાનિસ્તાનમાં 4.1ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા છે. તિબેટ દુનિયાના એવા વિસ્તારોમાં સામેલ છે, જ્યાં ભૂકંપ આવવાનું જોખમ વધારે રહે છે. અહીં ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો એકબીજા સાથે અથડાય છે. તેમની હલચલથી હિમાલય પર્વત બન્યો છે, પરંતુ આ જ કારણોસર આ વિસ્તારમાં ભૂકંપ પણ આવતા રહે છે. જાન્યુઆરી 2025માં તિબેટના તિંગરી કાઉન્ટીમાં 7.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

#### પેરિસમાં હુમલાખોરે રસ્તે જતા લોકો પર ગોળીબાર કર્યો:1નું મોત, 4 ઘાયલ; શંકાસ્પદની ધરપકડ

ફ્રાન્સના પેરિસ નજીક શુક્રવારે થયેલા ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે ચાર લોકો ઘાયલ થયા હતા. મેયરના જણાવ્યા અનુસાર, હુમલાખોરે અલગ-અલગ સ્થળોએ લોકો પર ગોળીઓ ચલાવી હતી. પોલીસે ટ્રેપ શહેર નજીકથી એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી છે. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, હજુ સુધી એ જાણવા મળ્યું નથી કે ગોળીબાર શા માટે કરવામાં આવ્યો અને તેની પાછળનું કારણ શું હતું. ગોળીબાર બાદ પોલીસ એલર્ટ પર છે. ફ્રાન્સની આતંકવાદ સંબંધિત કેસોની તપાસ કરતી એજન્સી પણ આ મામલે નજર રાખી રહી છે. એસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, ગોળીબારમાં માર્યા ગયેલો વ્યક્તિ આફ્રિકન મૂળનો છે. ઘાયલોમાં એક વ્યક્તિની હાલત ગંભીર છે. તે પણ આફ્રિકન મૂળનો છે. ફ્રાન્સમાં આ ઘટના એવા સમયે બની છે, જ્યારે મોંઘવારી અને રોજિંદી જરૂરિયાતો પર વધતા ખર્ચને લઈને સતત પ્રદર્શનો થઈ રહ્યા છે. ગયા અઠવાડિયે અનેક શહેરોમાં પ્રદર્શન દરમિયાન હિંસા થઈ હતી.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## વડોદરામાં હરણી પોલીસે બાતમીના આધારે ખાનગી લક્ઝરી બસમાંથી ઝડપ્યો લાખોનો વિદેશી દારૂનો જથ્થો!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરા શહેરમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાડવા માટે સક્રિય થયેલા બુટલેગરો વિરુદ્ધ વડોદરા પોલીસે હવે અત્યંત આક્રમક અને ઘાતક અભિગમ અપનાવ્યો છે. વડોદરા શહેરની હરણી પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે હાથ ધરેલી સઘન ઓપરેશન કાર્યવાહીમાં મધ્યપ્રદેશ તરફથી આવતી ખાનગી લક્ઝરી બસમાંથી લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડીને બુટલેગરોના નેટવર્કમાં ભૂકંપ સર્જી દીધો છે. મૂળ માહિતી અને ઘટનાક્રમ મુજબ, વડોદરા શહેરની હરણી પોલીસ મથકનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ ચકાસી રહ્યો હતો, તે દરમિયાન બાતમીદારો દ્વારા ચોક્કસ અને સચોટ માહિતી મળી હતી કે, બહારના રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો વડોદરા શહેરમાં ઘસાડવામાં આવી રહ્યો છે. આ બાતમીને ગંભીરતાથી લઈને હરણી પોલીસની ટીમે તાત્કાલિક ગોલ્ડન ચોકડી વિસ્તાર ખાતે વોચ ગોઠવી હતી. બાતમી મુજબની હંસ ટ્રાવેલ્સની ખાનગી લક્ઝરી બસ ગોલ્ડન ચોકડી પાસેથી પસાર થતાં જ પોલીસે ફિલ્મીઢબે બસને અટકાવીને તલાશી લીધી હતી.

## સુખી ડેમના પુલ નીચેથી ધોરણ 12માં ભણતા યુવક-યુવતીના મૃતદેહ મળતા ચકચાર: કદવાલ પંથકમાં અરેરાટી

કદવાલ

સુખી ડેમના પુલ નીચેથી ધોરણ ૧૨માં અભ્યાસ કરતા ૧૭ વર્ષીય યુવક અને યુવતીના રહસ્યમય અને શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવવાની આઘાતજનક ઘટનાથી સમગ્ર છોટાઉદેપુર જિલ્લા સહિત કદવાલ પંથકમાં ભારે હડકંપ મચી ગયો છે. યુવા વયે જ બે જીવ આ રીતે અચાનક આ દુનિયામાંથી વિદાય લેતા સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી સાથે શોકનો માહોલ છવાઈ ગયો છે.

ઘટનાની વિગતવાર પ્રાપ્ત માહિતી અનુસાર, કદવાલ વિસ્તારમાંથી કેટલાક દિવસોથી એક યુવક અને યુવતી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગયા હતા. પરિજનો દ્વારા તેમની ભારે શોધખોળ કરવામાં આવી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. આ દરમિયાન કદવાલ નજીક આવેલા સુખી ડેમના પુલ નીચે અને પાણીમાં કોઈ શંકાસ્પદ હિલચાલ કે આશંકાના પગલે તાત્કાલિક સ્થાનિક પોલીસ અને રેસ્ક્યુ ટીમને જાણ કરવામાં આવી હતી. કદવાલ પોલીસ સ્ટેશનનો કાફલો અને બચાવ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને સુખી ડેમના પાણીમાં સઘન શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું. ભારે જહેમત અને કલાકોની મહેનત બાદ આજે સવારે ડેમના પાણીમાંથી યુવક અને યુવતીના નિપ્રાણ દેહ મળી આવ્યા હતા, જેને બહાર કાઢવામાં આવતા હાજર સૌ કોઈ લોકો સ્બ્ધ થઈ ગયા હતા.

પ્રાથમિક તપાસ અને ઓળખ પરથી મૃતક યુવકની ઓળખ જયરાજકુમાર તખતસિંહ, ઉંમર ૧૭ વર્ષ, રહેવાસી ભીખાપુરા તરીકે થઈ છે. જ્યારે યુવતીની ઓળખ આશાબેન ભવાનસિંહ, ઉંમર ૧૭ વર્ષ, રહેવાસી ખેડા તરીકે સામે આવી છે.

## જામનગરમાં પણ SIT ની રચના, ખેડૂતો અને સામાન્ય લોકોને વ્યાજના વિષચક્રમાં ફસાવી જમીનો પચાવી પાડનારા કુખ્યાત શખ્સો સામે લાલઆંખ!

જામનગર

ગુજરાતમાં સામાન્ય જનતા, નિર્દોષ ખેડૂતો અને મધ્યમવર્ગીય લોકોને વ્યાજખોરીના ઘાતક વિષચક્રમાં ફસાવીને તેમની કિંમતી જમીનો અને મિલકતો બળજબરીથી અને છેતરપિંડીથી પડાવી લેતી કુખ્યાત અલ્પેશ ઢોંગા ગેંગ સામે હવે કાયદાનો ગાળો વધુ મજબૂત બની રહ્યો છે. રાજકોટ બાદ હવે જામનગર જિલ્લામાં પણ આ જ ગુનેગાર ટોળકીના કાળા કારનામાઓનો પર્દાફાશ કરવા અને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવા માટે ખાસ SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) ની રચના કરવામાં આવી છે!

એક જ શક્તિશાળી ગુનેગાર ટોળકી સામે રાજકોટ અને જામનગર એમ બંને જિલ્લાઓમાં અલગ-અલગ SIT દ્વારા તપાસના ધમધમાટ શરૂ થતા રાજ્યના અસામાજિક તત્વો અને ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અલ્પેશ ઢોંગા અને તેની ગેંગ દ્વારા લાંબા સમયથી સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં આંતક મચાવવામાં આવી રહ્યો હતો. આ ગેંગની મોડસ ઓપરેન્ડી અત્યંત ભયાનક હતી: આર્થિક રીતે મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતો અને વેપારીઓને ઊંચા વ્યાજે નાણાં ધિરાણ આપવાનું. વ્યાજની રકમ ચૂકવી ન શકે ત્યારે લાખો-કરોડોની માંગણી કરીને ખંડણી વસૂલવી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવી.

## વડોદરામાં DPS સ્કૂલનો નવો વિવાદ: પ્રવેશ સમયે 15,000ની સિક્યુરિટી ડિપોઝિટ વસૂલતા ખળભળાટ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં શિક્ષણના નામે વ્યાપારીકરણ અને વાલીઓના આર્થિક શોષણનો વધુ એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરા સ્થિત સુપ્રસિદ્ધ ડીપીએસ (Delhi Public School) દ્વારા પ્રવેશ સમયે વિદ્યાર્થી દીઠ રૂ. 15,000ની મોટી રકમ સિક્યુરિટી ડિપોઝિટ પેટે વસૂલવામાં આવી રહી હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે. શિક્ષણ અધિકાર કાયદા (RTE) ના ખુલ્લા ઉલ્લંઘન સમાન આ ગેરકાયદે વસુલાત સામે જાગૃત નાગરિકો અને વાલીઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. મુક્ત અને ફરજિયાત શિક્ષણના અધિકાર કાયદા (RTE Act) હેઠળ કોઈપણ શાળા પ્રવેશ સમયે વાલીઓ પાસેથી આવી કોઈ કેપિટેશન ફી કે સિક્યુરિટી ડિપોઝિટ વસૂલી શકતી નથી.

તેમ છતાં ડીપીએસ શાળા દ્વારા નિયમોને નેવે મૂકીને દર વર્ષે અનેક વાલીઓ પાસેથી રૂ. 15,000 જેવી મોટી રકમ ઉઘરાવવામાં આવી રહી છે.

ગરીબ અને મધ્યમ વર્ગના વાલીઓ બાળકોના ભવિષ્યની ચિંતામાં મોં બંધ રાખીને આ રકમ ચૂકવવા મજબૂર બની રહ્યા છે. આ ગેરકાયદેસર વસુલાત સામે જાગૃત નાગરિક દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને ઓનલાઇન પોર્ટલ મારફતે લેખિત ફરિયાદ કરવામાં આવી હતી.

### સાગરચંદ્ર સાગરની પોલ ખુલ્લી!

# શું સફેદ વસ્ત્રોની આડમાં ચાલી રહ્યું છે અધર્મીઓનું સામ્રાજ્ય..??

## જીનાલયોના નામે કરોડોનું દાન લૂંટીને સાધ્વીઓની ઈજ્જત સાથે રમતા ઢોંગિઓ પર હવે આરપારની લડાઈ!

અમદાવાદ

સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને ધર્મના પવિત્ર સિદ્ધાંતોથી આખી દુનિયાને માર્ગ બતાવનાર મહાન જૈન ધર્મ આજે એક એવા ગંભીર મોડ પર આવીને ઊભો છે, જ્યાં તેના કેટલાક સંરક્ષકો અને સાધુ વેશધારીઓના કાળા આચરણ પર મોટા સવાલો ખડા થયા છે. ગુજરાતથી લઈને મધ્યપ્રદેશ અને દેશના ખૂણે-ખૂણે આજે એક જ ચર્ચા આમ બની ગઈ છે કે શું સફેદ કપડાંની આડમાં કોઈ રાક્ષસ સમાજને દીમક ની જેમ ચાટી રહ્યો છે? હાલમાં જ તથાગત મુનિ સાગરચંદ્ર સાગર નામના શખ્સ અને તેની સાથે જોડાયેલા પ્રકરણોને લઈને જે સનસનીખેજ ખુલાસા સામે આવ્યા છે, તેણે જૈન સમાજની નીંવને હલાવીને મૂકી દીધી છે.





પ્રાપ્ત વિગતો અને સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા દાવાઓ અનુસાર, સાગરચંદ્ર સાગર નામના આ કથિત સાધુ પર અત્યંત ગંભીર આરોપો છે કે તે પોતાની હવસ અને વિલાસિતા સંતોષવા માટે માસૂમ સાધ્વીઓને પોતાના જાળમાં ફસાવતો હતો અને તેમની જિંદગી બરબાદ કરી રહ્યો હતો. જ્યારે આવા પાખંડીઓની અશ્લીલ, આપત્તિજનક અને નગ્ન તસવીરો સાર્વજનિક પટલ પર આવી, ત્યારે ધર્મપ્રેમી જનતામાં ભારે રોષ અને આક્રોશ ફાટી નીકળ્યો છે. એક તરફ ભગવાન મહાવીરે ત્યાગ અને તપસ્યાનો માર્ગ બતાવ્યો, તો બીજી તરફ આવા તથાકથિત મુનિઓ કરોડો રૂપિયાના દાનથી એશો-આરામની જિંદગી જીવીને ધર્મ પર કલંક લગાવી રહ્યા છે.

આ સવાલ માત્ર એક વ્યક્તિનો નથી, પરંતુ તે સમગ્ર વ્યવસ્થાનો છે જે આવા તત્વોને આશરો અને સંરક્ષણ આપે છે. ગુજરાત બાદ હવે મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોમાં પણ આવા ઢોંગિઓ દ્વારા પોતાના શિકાર શોધવાની ખબરો સામે આવી રહી છે, જે અત્યંત ચિંતાજનક છે.

સૌથી મોટો અને પીડાદાયક સવાલ એ છે કે આટલા પુખ્તા અને ગંદા પુરાવા સામે આવ્યા બાદ પણ જૈન સમાજના જવાબદાર અગ્રણીઓ, સંઘો અને સંસ્થાઓ મૂંગા બેસી કેમ રહ્યા છે?

શું કરોડો રૂપિયાના સામ્રાજ્ય અને દાનના મોહમાં સમાજની આંખો અંધ થઈ ગઈ છે?

શું જૈન સમાજ પાસે એવા સાચા સંતો અને આચાર્યોની અછત છે જે ધર્મનો સાચો પ્રચાર કરી શકે?

જ્યાં સુધી સમાજ જાતે આગળ આવીને આવા ભ્રષ્ટ તત્વોનો બહિષ્કાર નહીં કરે, ત્યાં સુધી જૈન સમાજની દીકરીઓ અને દીક્ષા લેનારી સાધ્વીઓ સુરક્ષિત નહીં રહી શકે. આ સમય મૂક દર્શક બનવાનો નથી, પરંતુ એક થઈને પોતાની અસ્મિતાની રક્ષા કરવાનો છે.

જ્યારે પણ સાગરચંદ્ર સાગર વિરુદ્ધ કોઈ સમાચાર કોઈપણ સમાચાર પત્ર કે ન્યૂઝ પ્લેટફોર્મ પર પ્રસારિત થાય છે, ત્યારે તુરંત જ તેના મીડિયા એડવાઈઝર અભય ચોપડા મેદાનમાં કૂદી પડે છે. તેઓ ન્યૂઝનું સરેઆમ ખંડન કરે છે, સોશિયલ મીડિયા પર પોસ્ટરો બનાવીને વાયરલ કરે છે અને મીડિયાને પડકાર ફેંકે છે કે જે છાપ્યું છે તે સાચું નથી.

અમારો સીધો અને ટકોરભર્યો સવાલ અભય ચોપડા અને તેમના સમર્થકોને છે: જો કથિત કુસાધુ સાગરચંદ્ર સાગર સાચો છે અને તેની પાસે સત્યની તાકાત છે, તો પછી અભય ચોપડા મીડિયાને સવાલ પૂછવાને બદલે ખુદ સાગરચંદ્ર સાગરને જ કેમ સવાલ નથી કરતા? આ નગ્ન તસવીરો અને કાળા કારનામાઓ સામે આવ્યા પછી, કયા આધારે અભય ચોપડા મીડિયાની સચ્ચાઈ પર સવાલ ઉઠાવે છે? શું જનતા અને મીડિયાને ધમકાવવા માટે પાછલા દરવાજેથી કોઈ મોટા નાણાકીય પેકેજો અથવા સોદાબાજી થઈ છે?

સાગરચંદ્ર સાગર જેવા કુસાધુઓને પ્રોત્સાહન આપનારા, તેમને છાવરનારા અને આવા દલાલો-પેંતરેબાજો ચલાવનારા દરેક વ્યક્તિ વિરુદ્ધ હવે કાયદાકીય અને સામાજિક ધોરણે સખત કાર્યવાહી થવી જ જોઈએ. જો હિંમત હોય તો અભય ચોપડા અને સાગરચંદ્ર સાગર 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની સામે આવે અને ખુલ્લી ચર્ચામાં સત્ય સાબિત કરે!

અમારી પાસે સાગરચંદ્ર સાગરના એવા ગંદા અને આપત્તિજનક પ્રમાણો (ન્યૂડ ફોટોગ્રાફ્સ) મોજૂદ છે કે જેને અખબારમાં છાપતા પણ ઘૃણા આવે છે. પરંતુ સમાજની સોયેલી ચેતનાને જગાડવા માટે આ સડસડાટ બહાર લાવવું અનિવાર્ય બની ગયું છે.

સાગર સમુદાય કે અન્ય કોઈપણ નામની આડમાં ધર્મને કલંકિત કરનારા આવા તમામ કુસાધુઓની પોલ એક પછી એક ખોલવામાં આવશે. જીનાલયો અને ઉપાશ્રયોના પવિત્ર ધન પર એશો-આરામ કરનારાઓને હવે બક્ષવામાં નહીં આવે. હવે સમય આવી ગયો છે કે તમારી આંખો ખોલો! આ કુસાધુ સામે તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવો અને તેને સમાજમાંથી કાયમ માટે હાંકી કાઢો. 'પાક્કો ગુજરાત'ની આ ખોજી મુહીમ ત્યા સુધી નહીં અટકે જ્યાં સુધી આવા ઢોંગિઓ કાયદાના સકંજામાં નહીં આવે!

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ખુલ્લી ચેતવણી અને સવાલો

**'પાક્કો ગુજરાત' હંમેશાં બેધડક અને નિર્ભીક પત્રકારત્વનું પ્રતીક રહ્યું છે. અમે આ કુસાધુ સાગરચંદ્ર સાગર અને તેના કારનામાઓને ખુલ્લી ચેતવણી આપીએ છીએ.........**

1. હિમ્મત હોય તો સામે આવો: જો તમે કે તમારા પાલેલા ચમચા બેકસૂર છો, તો પડદા પાછળ છુપાઈને કે પત્રકો બહાર પાડીને નાટક કરવાનું બંધ કરો અને મીડિયા સામે આવીને સત્યનો સામનો કરો.
2. દલાલો અને પેંતરેબાજો માટે ચેતવણી: જ્યારે પણ આવા ખુલાસા થાય ત્યારે તેના ઇશારે તરત ખંડન કે પોસ્ટરબાજી શરૂ કરી દેનારા દલાલોની હવે ખેર નથી!
3. જાહેર વિરોધ: ભવિષ્યમાં દેશના કોઈપણ ખૂણે જો આ કુસાધુનું સ્વાગત થશે કે કોઈ ધાર્મિક અનુષ્ઠાન રખાશે, તો 'પાક્કો ગુજરાત' અને જનતા ત્યાં પહોંચીને તેનો ઉગ્ર વિરોધ કરશે.

### કૌભાંડનો પર્દાફાશ થતા પોલીસ ફરિયાદ દાખલ!

## ગાંધીનગરમાં સરકારી નોકરી મેળવવાનો શોર્ટકટ પડ્યો ભારે: પશુધન નિરીક્ષકે પકડાઇ ગયું બોગસ CCC સર્ટિફિકેટ

ગાંધીનગર

ગુજરાતની રાજધાની ગાંધીનગર, જ્યાંથી રાજ્યભરની સરકારી નોકરીઓ અને ભરતી પ્રક્રિયાઓનું સંચાલન થાય છે, ત્યાં જ સરકારી નોકરી મેળવવા માટે બોગસ દસ્તાવેજો અને સર્ટિફિકેટોનો ઉપયોગ થતો હોવાની વધુ એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગાંધીનગરમાં પશુધન નિરીક્ષક (Livestock Inspector) તરીકે ફરજ બજાવતા એક કર્મચારી દ્વારા કમ્પ્યુટર સર્ટિફિકેટ (CCC) મેળવવા માટે શોર્ટકટ અપનાવવામાં આવ્યો હોવાનો ભાંડો ફૂટ્યો છે. સરકારી નોકરીનો પાયો જ જૂઠાણા અને છેતરપિંડી પર રચનાર આ પશુધન નિરીક્ષક વિરુદ્ધ અંતે સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાતા સમગ્ર સચિવાલય અને વહીવટી વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે! પ્રાપ્ત સાચી માહિતી અનુસાર, રાજ્યમાં સરકારી નોકરી મેળવવા માટે કમ્પ્યુટર પ્રોફિશિયન્સી (CCC - Course on Computer Concepts) નું સર્ટિફિકેટ અનિવાર્ય શરત હોય છે.

આ પશુધન નિરીક્ષકે પણ પોતાની પસંદગી કે બઢતી મેળવવા માટે સત્તાવાર સંસ્થાનું હોવાનું દર્શાવતું CCC સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. પરંતુ, જ્યારે આ દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી (Verification) કરવામાં આવી, ત્યારે કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જે સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું તે સરકારી કે માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી નહીં, પરંતુ કોઈ શંકાસ્પદ કે બનાવટી માધ્યમથી તૈયાર કરાવેલું બોગસ (Fake) હોવાનું સાબિત થયું હતું. જે વ્યક્તિ લાખો બેરોજગાર યુવાનો સાથે સ્પર્ધા કરીને સરકારી પદ પર બેઠી હોય, તે જ જો ખોટા સસ્તા નુસખા અપનાવીને નોકરી મેળવતી હોય, તો તે સાચી મહેનત કરતા લાખો પ્રમાણિક યુવાનો સાથે સીધી ગદ્દારી છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ગુજરાતમાં સરકારી નોકરી મેળવવા માટે કેટલાક લુચ્ચા તત્વો કઈ હદ સુધી નીચે જઈ શકે છે. પશુધન નિરીક્ષક જેવા જવાબદાર પદ પર બેસીને બોગસ સર્ટિફિકેટના સહારે નોકરી પચાવી પાડવાના આ કેસે તંત્રની ચકાસણી પ્રણાલી પર પણ મોટા સવાલો ખડા કર્યા છે. સવાલો એ થાય છે કે જ્યારે આ નિરીક્ષકે સર્ટિફિકેટ રજૂ કર્યું ત્યારે શરૂઆતમાં તેની ખરાઈ કેમ ન થઈ? શું અગાઉ પણ આવા કેટલાય લોકો બોગસ ડિગ્રીઓ લઈને સરકારી તિજોરીમાંથી પગાર ખાઈ રહ્યા છે?

## પાવાગઢની પવિત્ર ધરતી પર પ્લાસ્ટિકનો પ્રલય: નવરાત્રિમાં 18 લાખ ભક્તોના આગમન બાદ ડુંગર પરથી 35,000 કિલો કચરો નીકળ્યો

પાવાગઢ/હાલોલ

જગતજનની માં મહાકાળીના ચરણોમાં શીશ ઝુકાવવા માટે લાખો શ્રદ્ધાળુઓ આસ્થા સાથે પાવાગઢની પવિત્ર ડુંગરમાળા પર ચઢે છે, પરંતુ આ વર્ષે નવરાત્રિના પાવન અવસરે ભક્તોની ભીડની આડમાં જે ખેલ થયો છે તેણે સમગ્ર ગુજરાતના પ્રકૃતિ પ્રેમીઓને હચમચાવી દીધા છે. નવરાત્રિના નવ દિવસ દરમિયાન મહાકાળી માતાના દર્શને પહોંચેલા આશરે ૧૮ લાખ જેટલા શ્રદ્ધાળુઓ દ્વારા પાવાગઢના હરિયાળા અને કુદરતી સૌંદર્યથી ભરપૂર પ્રાકૃતિક વાતાવરણને પ્લાસ્ટિકના કચરાથી સંપૂર્ણપણે



દૂષિત કરી દેવામાં આવ્યું છે! તંત્ર અને સ્વયંસેવકો દ્વારા ચલાવાયેલી સફાઈ ઝુંબેશમાં જે આંકડો સામે આવ્યો છે તે ડાઘા પાડી દે તેવો છે–આ નવ દિવસમાં ડુંગર અને આસપાસની ખીણોમાંથી અધધધ ૩૫,૦૦૦ કિલોગ્રામ (૩૫ ટન) પ્લાસ્ટિકનો કચરો એકઠો કરવામાં આવ્યો છે! અધિકારીઓ પાસેથી મળેલી સત્તાવાર માહિતી મુજબ, આ વર્ષે પાવાગઢમાં દર્શનાર્થીઓની સંખ્યા ગત વર્ષની સરખામણીએ આશરે ૪૦ ટકા વધુ હતી.

## થરાદ પોલીસ ચેકપોસ્ટ પર ગેરકાયદે હપ્તા વસૂલીના ગંભીર આક્ષેપથી ખળભળાટ...

### એન્ટ્રીના નામે રૂ.500થી 1,000ની માંગણી અને વસૂલાતનું પરાક્રમ કેમેરામાં કેદ કરવાનો દાવો: વાવ-થરાદ SP ચિંતન જે. તેરૈયા સમક્ષ વીડિયો સાથે લેખિત રજૂઆત કરી કડક કાર્યવાહીની માગ

થરાદ

ગુજરાત પોલીસની છબીને મિલન ચોપડતી અને ખાખી વર્દીને શરમસાર કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના બનાસકાંઠા સરહદી વિસ્તારમાં સ્થિત થરાદ પોલીસ ચેકપોસ્ટ પરથી સામે આવી છે. મોરબી તરફ જઈ રહેલા એક નિર્દોષ વાહનચાલક/વ્યક્તિ પાસેથી થરાદ ચેકપોસ્ટ પર ફરજ બજાવતા કથિત પોલીસકર્મીઓ દ્વારા ગેરકાયદેસર રીતે 'એન્ટ્રી' અને હપ્તા વસૂલી કરવામાં આવી હોવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. આ સમગ્ર શરમજનક ઘટનાક્રમનો વીડિયો પણ શૂટ થયો હોવાનો દાવો કરાતાં સમગ્ર બનાસકાંઠા જિલ્લા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.



પીડિત વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા ખુલાસા મુજબ, તેઓ જ્યારે થરાદ ચેકપોસ્ટ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ત્યાં તૈનાત પોલીસકર્મીઓએ તેમને રોક્યા હતા. કોઈપણ જાતની કાયદેસરની પહોંચ કે વહીવટી પ્રક્રિયા વગર સૌપ્રથમ રૂ. ૫૦૦ થી રૂ. ૧,૦૦૦ સુધીની ગેરકાયદેસર એન્ટ્રી ફી કે હપ્તાની ઉઘરાણી કરવામાં આવી હતી. પીડિતે પોતાની પાસે પૂરતા પૈસા ન હોવાની આજીજી કરી છતાં ખાખી વર્દીધારીઓની દાદાગીરી અને ભૂખ શમી નહોતી. પીડિતનો અત્યંત ગંભીર દાવો છે કે તેના ખિસ્સામાં માત્ર ૧૪૦ રૂપિયા બચ્યા હતા, જેમાંથી પણ એક પોલીસકર્મીએ દાદાગીરી કરીને રૂ. ૧૦ સુધીની રકમ પણ આંચકી લીધી હતી! ચેકપોસ્ટ પર ચાલતા આ કાળા કારોબાર અને કથિત હપ્તા વસૂલીનો સમગ્ર વીડિયો રેકોર્ડ થઈ ગયો હોવાનો આક્ષેપ પીડિત દ્વારા કરવામાં આવ્યો છે. પીડિત વ્યક્તિએ આ મામલે વાવ-થરાદના જિલ્લા પોલીસ વડા (SP) ચિંતન જે. તેરૈયા સમક્ષ વીડિયો પુરાવા સાથે નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવા રજૂઆત કરી છે. વીડિયો ફૂટેજના આધારે ગેરકાયદે ઉઘરાણી કરતા પોલીસકર્મીઓની તુરંત ઓળખ કરી તેમને નિલંબિત (સસ્પેન્ડ) કરવા તેમજ તેમની સામે ગુનાહિત કાવતરા અને લૂંટ જેવી કડક કાયદાકીય કાર્યવાહી કરવાની જોરદાર માંગ કરવામાં આવી છે.

### શિક્ષણ ક્ષેત્રે ભાજપ સરકારનો કાળો અધ્યાય

## સરકારી શાળાઓની અસુવિધાઓ અને ગેરરીતિઓ છુપાવવા સત્તાનો દુરુપયોગ : મનોજ સોરઠીયાના સરકાર પર તીખા પ્રહારો

વડોદરા

ગુજરાતનું શિક્ષણ મોડેલ માત્ર કાગળ પર જ ચમકી રહ્યું છે અને વાસ્તવિકતામાં રાજ્યની સરકારી શાળાઓની સ્થિતિ અત્યંત ગંભીર અને દયનીય બની ચૂકી છે. આ કડવી વાસ્તવિકતા, અસુવિધાઓ અને શિક્ષણ ક્ષેત્રે ચાલતી ગેરરીતિઓ પર પડદો પાડવા માટે ભાજપ સરકારે એક નવો 'કાળો પરિપત્ર' બહાર પાડીને પોતાના જ પાપ છુપાવવાનો મલિન પ્રયાસ કર્યો છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ અગ્રણી મનોજ સોરઠીયાએ આ કાળા પરિપત્ર સામે મોરચો માંડીને સત્તાધારી પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે અને સરકારના આ કદમને લોકશાહીના મૂલ્યોની હત્યા સમાન ગણાવ્યું છે.

મનોજ સોરઠીયાએ મીડિયા સામે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, રાજ્યની હજારો સરકારી શાળાઓ આજે પાયાની સુવિધાઓ વિના તરફડી રહી છે. ક્યાંક પીવાના ચોખ્ખા પાણીની વ્યવસ્થા નથી, તો ક્યાંક શૌચાલયો ગંદકીથી ખદબદી રહ્યા છે. અનેક ગામડાઓમાં શાળાઓના ઓરડાઓ જર્જરિત હાલતમાં છે અને હજારો વર્ગખંડોમાં શિક્ષકોની ભારે અછત પ્રવર્તી રહી છે. જ્યારે પણ વિરોધ પક્ષના નેતાઓ, સામાજિક કાર્યકરો કે જાગૃત નાગરિકો શાળાઓની મુલાકાત લઈને આ સત્ય જનતા સમક્ષ મૂકે છે, ત્યારે સરકાર પોતાની નિષ્ફળતા સ્વીકારીને સુધારો કરવાના બદલે ઉલટાનું અવાજ દબાવવાની કાવતરાખોર નીતિ અપનાવે છે.

સૌથી વધુ ચોંકાવનારી અને ગંભીર બાબત એ છે કે શાળાઓની વાસ્તવિકતા અને ગેરરીતિઓ સામે લાવનારાઓ પર POCSO (પોક્સો) જેવી અત્યંત કડક અને સંવેદનશીલ કલમો હેઠળ ગુના દાખલ કરીને જેલમાં ધકેલી દેવાની સીધી ધમકીઓ આપવામાં આવી રહી છે.

બાળ સુરક્ષા માટે બનાવેલા કાયદાનો ઉપયોગ સરકાર પોતાની નાકામી છુપાવવા અને રાજકીય વૈરભાવ સાધવા માટે હથિયાર તરીકે કરી રહી છે.

## હાઈકોર્ટે NHAI ને પકડીને તંત્રના લીરેલીરે ઉડાડ્યા!

# નેશનલ હાઈવે પર મોત બનીને ઘૂમતા રખડતાં ઢોર પર સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સુઓમોટો સુનાવણી

અમદાવાદ

ગુજરાતના રસ્તાઓ પર હવે વાહનો નહીં, પરંતુ મોત નાચી રહ્યું છે! નેશનલ હાઈવે હોય કે રાજ્યના રસ્તાઓ, ગાય, બળદ અને ભેંસો જેવા રખડતાં ઢોર (Stray Cattle) અચાનક રોડ વચ્ચે આવીને નિર્દોષ નાગરિકોના ભોગ લઈ રહ્યા છે. આ ઘાતક અને અસહ્ય બની ગયેલી સમસ્યા સામે હવે ન્યાયતંત્ર પણ મેદાને આવ્યું છે. સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ નિર્દેશો અનુસાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રખડતાં કૂતરાઓ અને ઢોરોના ગંભીર મુદ્દે સુઓમોટો (Suo Motu) કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



આ અત્યંત મહત્વપૂર્ણ કેસની સુનાવણી ગુજરાત હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ માનસ રંજન પાઠક અને જસ્ટિસ નિખિલ કરિઅલ ની ખંડપીઠ સમક્ષ હાથ ધરવામાં આવી હતી, જ્યાં અદાલતે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) અને સત્તાવાળાઓની આડે હાથે લીધી હતી!

સુનાવણી દરમિયાન હાઈકોર્ટની ખંડપીઠે નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) અને જવાબદાર તંત્ર સામે અત્યંત આક્રમક વલણ અપનાવ્યું હતું. ખંડપીઠે વેધક સવાલ કરતા ટકોર કરી હતી કે, 'રખડતાં ઢોર અચાનક નેશનલ હાઈવે પર ધસી આવે છે અને તેના કારણે ગોઝારાં અકસ્માતો સર્જાય છે, જેમાં અસંખ્ય નિર્દોષ લોકો પોતાના પ્રાણ ગુમાવી રહ્યા છે; તો આ ગંભીર સમસ્યાના નિરાકરણ માટે અત્યાર સુધી શું પગલાં લેવામાં આવ્યા છે?'

અદાલતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હાઈવે પર મુસાફરી કરતા નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી કોની છે? માત્ર કાગળ પર આયોજનો કરવાથી કે મીટીંગો યોજવાથી લોકોના જીવ બચી જશે નહીં.

ગુજરાતમાં રખડતા ઢોરનો ત્રાસ હવે કોઈ નવી વાત નથી રહી, પરંતુ તે રોજબરોજની એક ખૂની રમત બની ગઈ છે. શહેરોના અંદરના રસ્તાઓથી લઈને હાઈ-સ્પીડ નેશનલ હાઈવે સુધી ગાય અને રખડતાં ઢોર અડિંગો જમાવીને બેસે છે. રાત્રિના સમયે અંધારામાં આ ઢોર અચાનક વાહન સામે આવી જાય છે, જેના કારણે ટુ-વ્હીલર ચાલકો અને કાર સવાર ગંભીર અકસ્માતનો ભોગ બને છે. અનેક પરિવારોએ આ રખડતા પશુઓને કારણે પોતાના ઘરના મોભી કે યુવાન સંતાનો ગુમાવ્યા છે.

છતાં પણ, મહાનગરપાલિકાઓ, સ્થાનિક તંત્ર અને NHAI ના અધિકારીઓ આંખ આડા કાન કરીને બેઠા છે. ઢોર પકડવાની કામગીરી માત્ર કાગળ પર ચાલે છે અથવા તો જ્યારે કોઈ મોટી દુર્ઘટના બને ત્યારે થોડા દિવસો માટે દેખાડો કરવામાં આવે છે, અને પછી પરિસ્થિતિ પાછી પૂર્વવત થઈ જાય છે.

---

## વડોદરા: ગોત્રીના ગોકુલનગર વિસ્તારમાં

# કપડાંની દુકાનમાં ભીષણ આગ, લાખો રૂપિયાનો સામાન સ્વાહા!!!

વડોદરા

શહેરના સંવેદનશીલ અને વ્યસ્ત ગણાતા ગોત્રી વિસ્તારમાં આવેલ ગોકુલનગર સોસાયટીમાં આજે અચાનક એક કપડાંની દુકાનમાં ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભારે નાસભાગ અને હડકંપ મચી ગયો હતો. દિવાળી કે સીઝન ટાણે દુકાનમાં રાખવામાં આવેલા લાખો રૂપિયાના નવા કપડાં અને ફર્નિચર આગની ઝપેટમાં આવીને ખાખ થઈ ગયા છે, જેને કારણે વેપારીને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગોત્રી ગોકુલનગર વિસ્તારમાં આવેલી આ રેડીમેઈડ કપડાંની દુકાનમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતા નજરે પડ્યા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને દુકાનની અંદરથી આગની ઊંચી જ્વાળાઓ બહાર ફેંકાવા લાગી હતી. દુકાનમાંથી અચાનક આગની લપટો નીકળતી જોઈને આસપાસના રહીશો અને અન્ય દુકાનદારોમાં ભારે



ગભરાહટ ફેલાઈ ગઈ હતી. લોકો જીવ બચાવવા માટે સુરક્ષિત સ્થળો તરફ દોડી ગયા હતા, જેના કારણે થોડા સમય માટે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે ફાયરબ્રિગેડ વિભાગને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ ફાયરબ્રિગેડની ગાડીઓ સાયરન વગાડતી ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ તાત્કાલિક મોરચો સંભાળીને પાણીનો મારો ચલાવ્યો હતો અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મેળવી હતી. જોકે, આગ એટલી ભીષણ હતી કે ફાયર ફાઈટરો પહોંચે તે પહેલા જ દુકાનમાં રહેલો મોટાભાગનો મામાન બળીને રાખ થઈ ચૂક્યો હતો. સદનસીબે, આગની આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થયાના અહેવાલ નથી, પરંતુ દુકાનમાં રહેલો આખો સ્ટોક બળીને ખાખ થઈ જતા વેપારીને ભારે નુકસાન થયું છે.

---

## નગરપાલિકાનું સફાઈ મશીન બંધ, શરદી-ખાંસીના કેસ વધ્યા

# ડભોઇના કાજીવાડથી રાણા હોટલ સુધી ધૂળની ડમરીઓથી નગરજનો ત્રાહિમામ

ડભોઇ

ડભોઇ નગરમાં કાજીવાડ વિસ્તારથી લઈને રાણાની હોટલ સુધીના મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા સમયથી ધૂળની ભારે ડમરીઓ ઊડી રહી છે, જેના કારણે સ્થાનિક રહીશો, વેપારીઓ અને ત્યાંથી પસાર થતા રાહદારીઓનું જીવવું દુષ્કર બની ગયું છે. નગરપાલિકા તંત્રની ઘોર બેદરકારી, અણઘડ વહીવટ અને નિષ્ક્રિયતાના લીધે પ્રજાએ સતત વાયુ પ્રદૂષણ અને ગંભીર



આરોગ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આ મુખ્ય માર્ગ પરથી વાહનો પસાર થાય ત્યારે એટલા મોટા પ્રમાણમાં ધૂળની ડમરીઓ ઊડે છે કે વાહનચાલકો અને રાહદારીઓએ ફરજિયાતપણે મોં પર રૂમાલ કે માસ્ક બાંધીને જ નીકળવું પડે છે. રસ્તા પર ધૂળના જાડા થર જામી ગયા હોવાથી આગળ ચાલતા વાહનો પાછળ ધૂળનું વાદળ રચાય છે, જેના કારણે પાછળ આવતા વાહનચાલકોને વિઝિબિલિટી ઘટી જતાં આગળનો રસ્તો દેખાતો નથી. આ પરિસ્થિતિને કારણે માર્ગ પર ગંભીર અકસ્માત સર્જાવાનો ભય સતત તોળાતો રહે છે. હવામાં સતત ઊડતી ધૂળ અને પ્રદૂષિત વાતાવરણને કારણે આ વિસ્તારમાં રહેતા નગરજનો, ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે. વિસ્તારમાં શરદી, દર્દનાક ખાંસી તેમજ શ્વાસ સંબંધિત તકલીફોના કિસ્સામાં ભારે વધારો નોંધાયો છે. બીજી તરફ, આ માર્ગ પર આવેલા વેપારીઓ પણ પોતાની દુકાનો અને શોરૂમમાં દિવસ-રાત ધૂળ ભરાઈ જવાથી આર્થિક નુકસાન અને માનસિક પરેશાની ભોગવી રહ્યા છે.

---

## કેનાલ અને કચરાના ઢગલામાં રઝળતાં બોર્ડથી અકસ્માતનો ખતરો

# ડભોઇ-બોડેલી સ્ટેટ હાઇવે પર તંત્રની ઘોર બેદરકારી : સાઇન બોર્ડ ગાયબ..!!!

ડભોઇ

એક તરફ રાજ્ય સરકાર દ્વારા માર્ગોના નવીનીકરણ, પહોળાકરણ અને વિકાસના મોટો-મોટા દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ ડભોઇ-બોડેલી સ્ટેટ હાઇવે પર વહીવટી તંત્રની ઘોર લાપરવાહી અને ઉદાસીનતા સામે આવી રહી છે. લાખો અને કરોડો રૂપિયાના ભારે બજેટના આંધણ કરીને બનાવાયેલા આ હાઇવે પર વાહનચાલકોની સલામતી માટે મુકવામાં આવેલા અગત્યના માર્ગદર્શક બોર્ડ અને રસ્તો ઓળંગવાના સાઇન બોર્ડ હાલ સાવ ગાયબ થઈ ગયા છે અથવા તો અત્યંત બેહાલ અવસ્થામાં જોવા મળી રહ્યા છે. ડભોઇ-બોડેલી હાઇવે પરથી ગ્રામ્ય વિસ્તારો તરફ વળતા રસ્તાઓ, ખતરનાક વળાંકો તેમજ મુખ્ય ક્રોસિંગ



દર્શાવતા અગત્યના સાઇન બોર્ડ જમીનદોસ્ત થઈ ચૂક્યા છે. અનેક જગ્યાએ લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલા આ સરકારી બોર્ડ તૂટીને રસ્તાની બાજુમાં આવેલી કેનાલોમાં ખાબકેલા પડ્યા છે, તો કેટલીક જગ્યાએ કચરાના ઢગલામાં રઝળતી હાલતમાં જોવા મળી રહ્યા છે. માર્ગ અને મકાન વિભાગ કે સંબંધિત હાઇવે ઓથોરિટીના જવાબદાર અધિકારીઓની ઘોર નિષ્કાળજીને કારણે આ દિશા-સૂચક બોર્ડની કોઈ જ જાળવણી કે સમારકામ કરવામાં આવી રહ્યું નથી. દિવસે તો વાહનચાલકો આસપાસ જોઈને સાવચેતીપૂર્વક નીકળી જાય છે, પરંતુ ખરી મુશ્કેલી સૂર્યાસ્ત પછી સર્જાય છે. રાત્રિ દરમિયાન પૂરપાટ ઝડપે દોડતા વાહનોને આગળ આવતા ક્રોસિંગ, ખતરનાક વળાંક કે ગામડા તરફ જતા રસ્તાઓનો કોઈ અંદાજ આવતો નથી. યોગ્ય રિફ્લેક્ટર કે સાઇન બોર્ડના અભાવે આ માર્ગ પર અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. પરિણામે નિર્દોષ રાહદારીઓ તેમજ વાહનચાલકોના જીવ સતત જોખમમાં મુકાઈ રહ્યા છે. હાઈવે પર સતત વધતા જતા ટ્રાફિક વચ્ચે તંત્રની આવી ઘોર બેદરકારી સ્થાનિક ગ્રામજનો અને દૈનિક અવરજવર કરતા મુસાફરો માટે ભારે માથાનો દુખાવો બની ગઈ છે.

---

## રાજકોટમાં 'મુન્નાભાઈ MBBS' ની ફોજ સામે પોલીસનું ડિમોલિશન

# ગ્રામ્ય પોલીસે દરોડા પાડી 17 નકલી ડોક્ટરોને ઝડપ્યા, લોકોના જીવ સાથે ખેલતી ઠગ ટોળકીનો પર્દાફાશ કર્યો

રાજકોટ

સરકારી ચોપડે ડોક્ટરની ડિગ્રી નથી, તબીબી વિજ્ઞાનનું કોઈ જ્ઞાન નથી, છતાં દવાખાના ખોલીને ગરીબ અને ભોળી જનતાના આરોગ્ય અને જીવ સાથે ખુલ્લેઆમ રમતો ખેલતા નકલી ડોક્ટરો સામે રાજકોટ ગ્રામ્ય પોલીસે લાલઆંખ કરી છે. રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવેલી એક અત્યંત કડક અને ગુપ્ત ઝુંબેશ દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાંથી એક-બે નહીં પરંતુ અધધધ ૧૭ જેટલા બોગસ 'મુન્નાભાઈ MBBS' ડોક્ટરોને ઝડપી પાડીને સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે! આ મોટો પર્દાફાશ કર્યા બાદ રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા એક ખાસ



પ્રેસ કોન્ફરન્સ યોજીને આ કૌભાંડીઓની કાળી કરતૂતોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર સૌરાષ્ટ્રના તબીબી વર્તુળોમાં ભારે કંપારી છૂટી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા વિવિધ ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારોમાં કાગળ પર કોઈ પણ માન્ય ડિગ્રી કે તબીબી સર્ટિફિકેટ વગર કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે ક્લિનિક અને દવાખાના ચલાવી રહ્યા હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. આ બોગસ ડોક્ટરો એલોપેથીક દવાઓ, હાઇ-ડોઝ એન્ટિબાયોટિક્સ અને ઈન્જેક્શનો આપીને દર્દીઓના જીવ જોખમમાં મૂકી રહ્યા હતા. બાતમીના આધારે રાજકોટ ગ્રામ્ય પોલીસની જુદી જુદી ટીમો બનાવીને એકસાથે અનેક સ્થળોએ ત્રાટકીને દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન આ ૧૭ બોગસ ડોક્ટરોના કિલનિકોમાંથી મોટી માત્રામાં એલોપેથીક દવાઓ, ઈન્જેક્શનો, ગ્લુકોઝના બોટલો અને તબીબી સાધનોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ નકલી ડોક્ટરો પાસે કોઈ પણ પ્રકારની મેડિકલ ડિગ્રી (MBBS, BAMS, BHMS) ન હોવા છતાં, તેઓ માત્ર પોતે થોડો સમય ક્યાંય કમ્પાઉન્ડર તરીકે કામ કર્યું હોવાના અનુભવે પોતાને 'સર્વજ્ઞાની તબીબ' સમજી બેઠા હતા. નાના ગામડાઓમાં આરોગ્ય સુવિધાઓના અભાવનો અને ગરીબ લોકોની અજ્ઞાનતાનો ગેરલાભ ઉઠાવીને આ ઠગો કન્સલ્ટેશન ફી અને મોંઘી દવાઓના નામે ભારે લૂંટ ચલાવતા હતા.

---

# સુરતમાં બ્રિજની કામગીરી દરમિયાન મોટી હોનારત: માટી ધસી પડતાં ખાડી કિનારે આવેલું આખું મકાન બેસી ગયું!

સુરત

સુરતમાં સીમાડા વિસ્તારમાં આવેલા વાલમ નગર ખાતે ખાડી કિનારે એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર બેદરકારીની ઘટના સામે આવી છે. બ્રિજ નિર્માણની ચાલતી કામગીરી દરમિયાન અચાનક માટી ધસી પડતાં ખાડી કિનારે આવેલું એક આખું મકાન પાયામાંથી ખસીને બેસી ગયું છે અને એક તરફ નમી ગયું છે. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફડાતફડી અને દહેશતનો માહોલ ફેલાઈ ગયો છે. મળતી માહિતી મુજબ, સીમાડા વાલમ નગર પાસે ખાડી કિનારે બ્રિજ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી હતી. આ કામગીરી દરમિયાન યોગ્ય સુરક્ષાત્મક પગલાં કે સેફ્ટી વોલ ઊભી કર્યા વગર જ ઊંડું ખોદકામ કરવામાં આવતાં અચાનક જમીનમાંથી મોટી



માત્રામાં માટી ધસી પડી હતી. માટી ખસી જતાં જ ખાડી કિનારે આવેલું મકાન પાયામાંથી ડગમગી ગયું હતું અને જોખમી રીતે એક તરફ નમી ગયું હતું. આ મકાનની નીચે આવેલી દુકાનના માલિકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. હાલમાં આ મકાન અત્યંત ભયજનક અને જોખમી સ્થિતિમાં એક તરફ નમેલું ઊભું છે.

---

## ભૂપેન્દ્ર પટેલની તમામ જિલ્લા કલેક્ટરોને લાલ આંખ અને કડક તાકીદ

# સરકારી જમીન પર ગેરકાયદે દબાણ કરનારાઓ સામે હવે આકરી કાર્યવાહી

ગાંધીનગર

ગુજરાતમાં સરકારી જમીનો અને ગૌચરની જમીનો પર થતા ગેરકાયદે દબાણો અને ભુમાફિયાઓના ત્રાસ સામે રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીનું સૌથી મોટું અને આક્રમક પગલું ભરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને સ્પષ્ટ અને સખત આદેશો જારી કરીને તાકીદ કરી છે કે, સરકારી જમીન પર વારંવાર લાલિયાવાડી કે દબાણ કરનારા કસૂરવારો સામે કોઈપણ પ્રકારની શેહશરમ રાખ્યા વગર તુરંત જ ફોજદારી ગુનો (FIR) દાખલ કરવામાં આવે.

અગાઉ અનેક જગ્યાએ એવું જોવા મળતું હતું કે વહીવટી તંત્ર દ્વારા દબાણો હટાવ્યા બાદ માફિયાઓ દ્વારા ફરીથી તે જ જમીન પર કબજો જમાવી લેવામાં આવતો હતો. આ ગંભીર બાબતની નોંધ લેતા મુખ્યમંત્રીએ હવે સ્પષ્ટ કરી દીધું છે કે માત્ર ડિમોલિશન પૂરતું સીમિત નહીં



રહે, પરંતુ આવા અસામાજિક તત્વો અને દબાણકારો સામે કાયદાકીય રીતે પોલીસ ફરિયાદ નોંધીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે. રાજ્ય સરકારની આ કડક નીતિથી ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

સરકારી જમીનોના રક્ષણની પ્રાથમિક જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને પંચાયતોની હોય છે. આ બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કલેક્ટરોને કડક સૂચના આપી છે કે જો પોતાના વિસ્તારમાં સરકારી જમીન પર દબાણ થતું અટકાવવામાં કે તેની જાણ કરવામાં કોઈ સરપંચ કે સ્થાનીય પંચાયત પદાધિકારી નિષ્ફળ જશે અથવા પોતાની ફરજમાં બેદરકારી દાખવશે, તો તેમની સામે પણ ખાતાકીય અને કાયદાકીય પગલાં લેવામાં આવશે.

ગામડાઓમાં સરકારી જમીનો અને ગૌચર બચાવવા માટે હવે જવાબદારી સીધી તળિયાની કક્ષાએથી નક્કી કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા તેમજ સરકારી સંપત્તિઓની સુરક્ષા માટે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી છે. આ તાકીદ બાદ હવે તમામ જિલ્લા વહીવટી તંત્રો, રેવન્યુ વિભાગ અને પોલીસ પ્રશાસન હરકતમાં આવી ગયા છે.

સરકારી જમીનો પર પેશકદમી કરતા તત્વો સામે મેગા ઓપરેશન હાથ ધરીને કડક દાખલો બેસાડવામાં આવશે, જેથી ભવિષ્યમાં કોઈની પણ સરકારી મિલકતો પર આંખ અડાડવાની હિંમત ન થાય.

---

## ખેડાની ધરતી પરથી શક્તિસિંહ ગોહિલનો હુમલો

# "સરદાર સાહેબે કહ્યું હતું - અન્યાય સામે એક નહીં થાઓ ત્યાં સુધી સાચી આઝાદી નહીં મળે!"

ખેડા

ગુજરાતનો જગતનો તાત ગણાતો ખેડૂત આજે પોતાના જ ખેતરમાં પરસેવો પાડીને ગુલામી જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યો છે. જમીન ખેડૂતની, મહેનત ખેડૂતની, પરંતુ તેના પર કબ્જો અને હક્ક સરકાર તથા ઉદ્યોગપતિઓનો! સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણાદાયી ધરતી ખેડા ખાતે યોજાયેલી વિશાળ જનસભાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે સરકાર અને કોર્પોરેટ મિત્રોની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા. સરદાર સાહેબના અમર બોલને યાદ અપાવતા શક્તિસિંહ ગોહિલે ગર્જના કરી હતી કે, 'જ્યાં સુધી ખેડૂતો પોતાના પર થતા અન્યાય સામે એક નહીં બને અને બુલંદ અવાજ નહીં ઉઠાવે, ત્યાં સુધી હું નહીં માનું કે દેશને સાચી આઝાદી મળી છે.' જનસભાને સંબોધતા શક્તિસિંહ ગોહિલે આજના શાસકોની ખેડૂતવિરોધી નીતિઓનો પર્દાફાશ કરતા અત્યંત ગંભીર અને વેધક સવાલ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'આ દેશમાં એક નાનો દુકાનદાર પણ પોતાની દુકાનમાં વેચાતા સામાન્ય માલસામાનની કિંમત પોતે નક્કી કરે છે, તેને કેટલો નફો લેવો તે તેનો અધિકાર છે. પરંતુ અફસોસની વાત એ છે કે, રાત-દિવસ કાળી મજૂરી કરીને દેશનું પેટ ભરતા ખેડૂતની જમીનમાં જ્યારે વીજળીના તોતિંગ થાંભલા (Power Transmission Towers) કે લાઈનો નાખવામાં આવે છે, ત્યારે પોતાની જમીનનો ભાવ નક્કી કરવાનો અધિકાર ખેડૂત પાસે હોતો નથી!' તેમણે ઉમેર્યું હતું કે, સરકાર અને ઉદ્યોગપતિઓ પોતાની મનસ્વી નીતિઓ બનાવીને, ખેડૂતોની કિંમતી જમીનોનો નહિવત કે તુચ્છ વળતર નક્કી કરે છે અને તંત્રના જોરે જબરદસ્તીથી ખેડૂતોની જમીનો પડાવી લે છે. આ લોકશાહી નથી, પરંતુ ઉદ્યોગપતિઓને ધાબડવાની અને ખેડૂતોને કચડી નાખવાની શાસકોની ખુલ્લી દાદાગીરી છે!

---

# જીતુ વાઘાણી કહે છે 'સરકાર ખેડૂતોની સાથે છે' તો પછી રાજ્યમાં દુષ્કાળ જાહેર કરીને તાત્કાલિક ખેડૂતોને આર્થિક મદદ કરો : AAP નેતા પ્રવીણ રામ

### "માત્ર કાગળ પર અને નિવેદનોમાં સહાનુભૂતિ દર્શાવવાથી ખેડૂતોનું પેટ નહીં ભરાય": કમોસમી વરસાદ અને કુદરતી આફતોથી પીડાતા અન્નદાતાઓની વહારે આવવા આમ આદમી પાર્ટીની આક્રમક માંગણી

અમદાવાદ

ગુજરાતમાં ખેડૂતોની કથળતી સ્થિતિ અને પાક ધોવાઈ જવાથી સર્જાયેલી આર્થિક પાંખ વચ્ચે રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા વારંવાર કરવામાં આવતા નિવેદન કે 'રાજ્ય સરકાર ખેડૂતોની સાથે છે અને તેમની પડખે ઊભી છે', તે દાવા પર આમ આદમી પાર્ટી (AAP) ના સીનિયર નેતા પ્રવીણ રામે આકરા પ્રહારો કર્યા છે. પ્રવીણ રામે ભાજપ સરકાર સામે સીધો સવાલ ફેંકતા કહ્યું છે કે જો સરકાર ખરેખર જગતના તાતની સાથે હોય તો ચોપડે બોલવાને બદલે રાજ્યના અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક 'દુષ્કાળ' કે 'કુદરતી આપત્તિ' જાહેર કરી ખેડૂતોને કરોડો રૂપિયાનું આર્થિક પેકેજ આપી મદદ કરો.

આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે મીડિયા સમક્ષ સરકારની નીતિઓનો પર્દાફાશ કરતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયે રાજ્યના અનેક જિલ્લાઓમાં ખેડૂતો કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ કે પાકના નિષ્ફળ જવાથી ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોએ બિયારણ, ખાતર અને મજૂરી પાછળ કરેલો તમામ ખર્ચ માટીમાં મળી ગયો છે. દેવાના ડુંગર હેઠળ દબાયેલો ખેડૂત આજે આત્મહત્યા કરવા મજબૂર બની રહ્યો છે, ત્યારે મંત્રીઓ અને સરકાર માત્ર પ્રેસ કોન્ફરન્સ કરીને 'સરકાર ખેડૂતોની સાથે છે' તેવા પોકળ નિવેદનો આપીને જવાબદારીમાંથી છટકી રહ્યા છે. રાજ્યના તમામ નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં વિલંબ કર્યા વિના ત્વરિત સરવે કરાવીને સ્પેશિયલ રાહત પેકેજ જાહેર કરવામાં આવે.

## તંત્રી લેખ...

# જનતાનો હક્ક, નેતાનો કબ્જો અને સત્તાનું વોશિંગ મશીન: 20 કરોડના પ્લોટનો ખેલ

વડોદરા મહાનગરપાલિકા (VMC) અને પૂર્વ ક્રિકેટર તથા રાજકારણી યુસુફ પઠાણ વચ્ચેનો ૨૦.૫૩ કરોડ રૂપિયાના પ્લોટનો ૧૪ વર્ષ જૂનો વિવાદ અચાનક જે રીતે ઉકેલાઈ ગયો છે, તે માત્ર એક જમીન ફાળવણીનો કિસ્સો નથી. આ ઘટના સત્તાધારી પક્ષ બીજેપીની નીતિઓ, તંત્રના બેવડા ધોરણો અને લોકશાહીમાં પ્રજાના ખોવાયેલા અધિકારોનો જીવંત અને ઘાતક પુરાવો છે.

વડોદરાના તાંદલજા વિસ્તારમાં ટીપી-૨૨ હેઠળ આવેલો ૯૭૮ ચોરસ મીટરનો આ કિંમતી પ્લોટ પ્રજાના ટેક્સના પૈસાથી અને જાહેર સુવિધા માટે અનામત રાખવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૨થી આ જમીન પર કબ્જો મેળવવાની કવાયત ચાલી રહી હતી. પરંતુ ૨૦૨૪માં જ્યારે ખુદ પાલિકાએ તેને ગેરકાયદે દબાણ ગણાવીને નોટિસ ફટકારી હતી અને મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો, ત્યારે હાઈકોર્ટે પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે સરકારી જમીન પર વગર ફાળવણીએ કબ્જો કેમ ચલાવી લેવાય?

પરંતુ, રાજકીય સમીકરણો બદલાતા જ તંત્રની નીતિઓ કાગળ પર બદલાઈ ગઈ. ઓગસ્ટ ૨૦૨૬માં અચાનક હાઈકોર્ટમાંથી અપીલ પાછી ખેંચી લેવાય છે અને રાજ્ય સરકાર દ્વારા આ પ્લોટમાંથી ૫૦૦ ચોરસ મીટર જમીન 'ઉપહાર' (ગિફ્ટ) તરીકે અને બાકીની જમીન ૪૫% ડિસ્કાઉન્ટ (રિયાયતી દરે) આપવાનો આદેશ જાહેર થાય છે! આ આદેશમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે 'આ નિર્ણયને ભવિષ્યમાં કોઈ દાખલા તરીકે ગણવામાં આવશે નહીં'.



### સવાલ એ થાય છે કે, શું કાયદાના નિયમો પાવરફુલ લોકો માટે આટલા રબર જેવા સ્થિતીસ્થાપક હોય છે?

જ્યારે કોઈ સામાન્ય નાગરિક કે ગરીબ લારી-ગલ્લાવાળો પોતાના ગુજરાન માટે રસ્તાના ખૂણે નાની જગ્યા રોકે છે, ત્યારે વડોદરા મહાનગરપાલિકાનું બુલડોઝર અને દબાણ શાખાની ટીમ મિનિટોમાં પહોંચી જાય છે. સામાન્ય માણસને નોટિસ ફટકારવામાં આવે છે, દંડ વસૂલવામાં આવે છે અને ક્ષણભરમાં તેનો સામાન જપ્ત કરીને તેને રસ્તે રઝળતો કરી દેવાય છે. ત્યાં કાયદો અને નીતિ-નિયમો કડકપણે યાદ આવે છે.

પરંતુ જ્યારે વાત ૨૦ કરોડ રૂપિયાની સરકારી જમીનની આવે છે, ત્યારે વહીવટી તંત્રનું નોટિસ બોક્સ જાણે 'વોશિંગ મશીન' બની જાય છે. જેમાં હાઈપ્રોફાઈલ લોકોના ગેરકાયદે દબાણો અને નોટિસો ધોવાઈને એકદમ સાફ-સુથરી ફાળવણીમાં ફેરવાઈ જાય છે. જાહેર હરાજી (Public Auction) વગર જમીન ન આપી શકાય તેવો પોતાનો જ ૨૦૧૪નો નિર્ણય સરકારે અચાનક કયા સંજોગોમાં બદલી નાખ્યો?

આ પ્લોટ વડોદરાની પ્રજાનો છે. આ જમીન પર કોઈ બગીચો, રમતગમતનું મેદાન, હોસ્પિટલ કે જનહિતનું અન્ય કોઈ કામ થઈ શક્યું હોત. પરંતુ પ્રજાના આ અધિકારને નીતિ-નિયમોના નામે ખુલ્લેઆમ કોરાણે મૂકી દેવામાં આવ્યો.

### આજે ગુજરાતની જનતા પૂછી રહી છે:

૧. શું વડોદરાના સામાન્ય કરદાતાનો આ ૨૦ કરોડના પ્લોટ પર કોઈ અધિકાર નહોતો?

૨. વહીવટી તંત્ર અને શાસક પક્ષ માટે 'નિયમ' માત્ર સામાન્ય નાગરિકોને પીસવા માટે જ બનાવાયા છે?

૩. ગેરકાયદે કબ્જાને નોટિસ આપ્યા પછી તેને 'ઉપહાર' બનાવી દેવાની આ કઈ નીતિ છે?

સત્તામાં બેઠેલા શાસકોએ સમજવું પડશે કે પ્રજા માત્ર ટેક્સ ભરવા કે મતદાનના દિવસે બટન દબાવવા માટે નથી. જનતાની મિલકતોની જાળવણી કરવાની જવાબદારી જેમના શિરે છે, તેઓ જ જ્યારે આવી 'મનસ્વી' ફાળવણીઓ મંજૂર કરે છે, ત્યારે લોકશાહીમાંથી પ્રજાનો વિશ્વાસ ઉઠી જાય છે.

**'પાક્કો ગુજરાત' તંત્રીલેખ મારફતે સ્પષ્ટ શબ્દોમાં માંગ કરે છે કે જનતાના હક્ક પર ત્રાપ મારતી આવી નીતિઓ બંધ થવી જોઈએ. તંત્ર પોતાની આંખ પરથી પક્ષપાતની પટ્ટી હટાવે અને 20 કરોડના આ પ્લોટ પરથી પ્રજાનો ખોવાયેલો અધિકાર પુનઃસ્થાપિત કરે.**

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ગોમાતાની સેવા અને સનાતન સંસ્કૃતિનું અદ્ભુત શિખર: અનંત અંબાણીનું ઐતિહાસિક ગૌ-સેવા અભિયાન બની રહ્યું છે સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ

## 9 લાખ મૂંગા જીવોનો આશરો, 7 લાખ અશક્ત ગાયોનું નિઃસ્વાર્થ જતન અને 50,000થી વધુ ગૌવંશને કતલખાનાના મુખમાંથી ઉગારનારું ક્રાંતિકારી મિશન

અમદાવાદ

ભારતીય સંસ્કૃતિ, સનાતન પરંપરા અને જીવદયાના ઈતિહાસમાં અક્ષરાંકિત થઈ જાય તેવું એક અત્યંત પ્રેરણાદાયી, ભવ્ય અને ગૌરવવંતુ ચિત્ર સામે આવ્યું છે. દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ પરિવારના સુપુત્ર અનંત અંબાણી દ્વારા ગૌસેવા ક્ષેત્રે હાથ ધરવામાં આવેલા મહાઅભિયાનની વિગતો જ્યારે દુનિયા સામે આવી છે, ત્યારે સમગ્ર દેશ અને ગૌપ્રેમીઓમાં તેમના આ કાર્ય માટે આદરની લહેર ફરી વળી છે. સામાન્ય રીતે આધુનિક યુગમાં ધંધાકીય દોડધામ વચ્ચે મૂંગા પશુઓ પ્રત્યે સંવેદના દાખવવી દુર્લભ બનતી જાય છે, ત્યારે અનંત અંબાણીએ ગૌસેવાને પોતાના જીવનનું સર્વોચ્ચ ધ્યેય બનાવીને ઈતિહાસ રચ્યો છે.




**૯ લાખ ગાયોનું વિશાળ અને અદ્ભુત સામ્રાજ્ય: સ્વાર્થ વગરની નિષ્ઠા**

અનંત અંબાણી અને તેમના ટ્રસ્ટ દ્વારા હાલમાં અંદાજે ૯ લાખ જેટલી અસહાય અને નિરાધાર ગૌમાતાઓની દેખભાળ રાખવામાં આવી રહી છે. સંખ્યાની દૃષ્ટિએ આ આંકડો માત્ર એક રેકોર્ડ નથી, પરંતુ કરોડો રૂપિયાના ખર્ચે ચાલતી એક વિશાળ જીવદયા પ્રવૃત્તિ છે. આજના સ્વાર્થી યુગમાં જ્યાં લોકો માત્ર આર્થિક ફાયદા કે દૂધ મેળવવા પૂરતી જ ગાયો રાખતા હોય છે, ત્યાં અંબાણી પરિવાર દ્વારા આટલી મોટી સંખ્યામાં ગાયોનું જતન કરવું એ અકલ્પનીય છે. આ નવ લાખ ગાયોના ભરણપોષણ, રહેઠાણ, ખોરાક અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે અત્યાધુનિક સુવિધાઓવાળા વિશાળ સંકુલો તૈયાર કરવામાં આવ્યા છે.

**૭ લાખ બિન-દૂધાળી અને વૃદ્ધ ગાયોનું આજીવન સેવન: અનોખું અને વિરલ ઉદાહરણ**

આ મિશનનું સૌથી મોટું અને ભાવનાત્મક પાસું એ છે કે, આ ૯ લાખ ગાયોમાંથી ૭ લાખથી વધુ ગાયો એવી છે જે કોઈપણ પ્રકારનું દૂધ આપતી નથી! તે વૃદ્ધ છે, અશક્ત છે, બીમાર છે કે પછી અકસ્માતમાં અપંગ બનેલી છે. સામાન્ય પ્રથા એવી હોય છે કે જ્યારે ગાય દૂધ આપતી બંધ થાય ત્યારે તેને રસ્તા પર કે કસાઈઓના ભરોસે છોડી દેવામાં આવે છે, પરંતુ અનંત અંબાણીએ ગૌસેવાનો સાચો અર્થ સાબિત કરતા ૭ લાખ જેટલી બિન-દૂધાળી અને અશક્ત ગાયોને પોતાના આશ્રયસ્થાને આજીવન સેવાની છત્રછાયા પૂરી પાડી છે. આ જીવોનો અંતિમ શ્વાસ સુધીનો ખર્ચ અને સેવાભાવ એ માનવતાનું સર્વોચ્ચ શિખર છે.

**૮ રાજ્યોમાં દોડતી ૧૦૦થી વધુ અદ્યતન એમ્બ્યુલન્સ:**

માત્ર ગૌશાળા બનાવીને બેસી રહેવાને બદલે જમીની સ્તરે અકસ્માત કે બીમારીનો ભોગ બનતી ગાયો સુધી તાત્કાલિક તબીબી સહાય પહોંચાડવા માટે એક મજબૂત નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. દેશના કુલ ૮ જેટલા મોટા રાજ્યોમાં આજે ૧૦૦થી વધુ અદ્યતન 'ગૌ-એમ્બ્યુલન્સ' ૨૪ કલાક સતત કાર્યરત છે. જીવલેણ અકસ્માતનો ભોગ બનેલી, હાઈવે પર ઘાયલ થયેલી કે ગંભીર બીમારીથી પીડાતી ગાયોને આ એમ્બ્યુલન્સ દ્વારા ત્વરિત હોસ્પિટલ કે ગૌશાળા સુધી પહોંચાડીને નિષ્ણાત પશુચિકિત્સકો દ્વારા સમયસર ઓપરેશન અને સારવાર આપવામાં આવે છે. હજારો મૂંગા જીવોને આ એમ્બ્યુલન્સે નવજીવન બક્ષ્યું છે.

**કતલખાનાના લોહિયાળ પંજામાંથી ૫૦,૦૦૦થી વધુ માસૂમ જીવોને મુક્તિ**

અનંત અંબાણીના આ સેવા યજ્ઞનું સૌથી મોટું પરાક્રમ એ છે કે ગેરકાયદેસર હેરાફેરી થતી અટકાવીને અત્યાર સુધીમાં ૫૦,૦૦૦થી પણ વધુ ગાયોને સીધા કતલખાનાના મુખમાંથી ઉગારી લેવામાં આવી છે. કતલખાનાની ભયાનક નર્ક જેવી સ્થિતિમાંથી આ મૂંગા જીવોને મુક્ત કરાવીને તેમને સુરક્ષિત વાતાવરણમાં લાવવા અને તેમના ઘા રૂઝવવાનું આ કાર્ય કોઈ ચમત્કારથી કમ નથી. આ ગાયોને નવું જીવન મળતા તેઓ હવે ખુલ્લા મેદાનોમાં નિર્ભય થઈને વિહરી રહી છે.

**સનાતન ધર્મ અને પર્યાવરણીય સંતુલનનો પાયો: 'પાક્કો ગુજરાત' દ્વારા ભવ્ય સલામ**

ગૌવંશ એ માત્ર હિન્દુ ધર્મની આસ્થાનું પ્રતીક નથી, પરંતુ ભારતીય કૃષિ અર્થવ્યવસ્થા અને ધરતીના પર્યાવરણીય સંતુલનનો મુખ્ય આધાર છે. અનંત અંબાણી દ્વારા શરૂ કરાયેલું આ મહાઅભિયાન દેશના અન્ય ઉદ્યોગપતિઓ, યુવાનો અને સક્ષમ નાગરિકો માટે એક દીવાદાંડી સમાન બની ગયું છે.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર અનંત અંબાણીના આ ઐતિહાસિક, માનવતાવાદી અને ધર્મનિષ્ઠ કાર્યને અંતઃકરણપૂર્વક સલામ કરે છે. જો દેશના અન્ય સક્ષમ લોકો પણ આ પ્રકારે આગળ આવે, તો એક પણ ગૌમાતા કતલખાને કે ભુખી રખડતી જોવા મળશે નહીં. આ કાર્ય સમાજ માટે માત્ર એક સેવા નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે સનાતન સંસ્કૃતિના સંરક્ષણનો જીવંત પાઠ છે.

# અમેરિકામાં સ્થાયી થવાનું સ્વપ્ન જોતા ભારતીયો માટે મોટો આંચકો: ગ્રીન કાર્ડ મેળવવું હવે કેટલું મુશ્કેલ બનશે?

અમેરિકા (USA)

અમેરિકામાં પોતાના જ્ઞાન, મહેનત અને કૌશલ્યના જોરે દેશનું નામ રોશન કરી રહેલા લાખો ભારતીય આઈટી (IT) પ્રોફેશનલ્સ, એન્જિનિયરો અને સંશોધકો માટે 'અમેરિકન ડ્રીમ' એટલે કે ગ્રીન કાર્ડ (અમેરિકાનું કાયમી નિવાસપત્ર) મેળવવું હવે અત્યંત જટિલ અને ભયાનક તબક્કામાં પહોંચી ગયું છે. અમેરિકી ઈમિગ્રેશન સિસ્ટમની જટિલતા, વાર્ષિક મર્યાદા (Per-Country Cap) અને નીતિઓમાં આવી રહેલા કડક ફેરફારોના કારણે અમેરિકામાં કાર્યરત ભારતીયો માટે ગ્રીન કાર્ડ મેળવવું હવે લોઢાના ચણા ચાવવા સમાન બની ગયું છે.

૧. દાયકાઓ લાંબો 'ગ્રીન કાર્ડ બેકલોગ': ૧૩૫ વર્ષ સુધીની રાહ!

અમેરિકી ઈમિગ્રેશન કાયદા મુજબ કોઈપણ એક દેશ માટે ગ્રીન કાર્ડ



ફાળવણીની વાર્ષિક ૭% ની ચોક્કસ મર્યાદા (Per-Country Limit) નક્કી કરવામાં આવી છે. ભારત જેવા બિલિયનોની વસ્તી ધરાવતા દેશમાંથી દર વર્ષે અસંખ્ય ઉચ્ચ કુશળ પ્રોફેશનલ્સ H-1B વિઝા પર અમેરિકા જાય છે. પરંતુ આ ૭% મર્યાદાના કારણે ભારતીય નાગરિકો માટે અરજીઓનો મોટો ખડકલો (બેકલોગ) થઈ ગયો છે. તાજેતરના અહેવાલો મુજબ, EB-2 અને EB-3 કેટેગરીમાં ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા ભારતીયોનો પ્રતીક્ષા સમયગાળો દાયકાઓથી વધીને ૫૦ થી ૧૩૫ વર્ષ સુધીનો અંદાજવામાં આવી રહ્યો છે, જેનો અર્થ એ થાય છે કે અનેક ભારતીયો પોતાના જીવનકાળ દરમિયાન ગ્રીન કાર્ડ જોઈ પણ નહીં શકે!

૨. બાળકો માટે 'એજિંગ આઉટ' (Aging Out) નો મોટો ખતરો ગ્રીન કાર્ડ મળવામાં થતા વિલંબના કારણે સૌથી મોટો ઘા ભારતીય પરિવારો અને તેમના બાળકો પર પડી રહ્યો છે. અમેરિકી કાયદા મુજબ, H-4 ડિપેન્ડન્ટ વિઝા પર રહેતા બાળકો ૨૧ વર્ષના થાય એટલે તેઓ માતા-પિતાની અરજી સાથે ગ્રીન કાર્ડ મેળવવા માટે અપાત્ર (Ineligible) બની જાય છે. તેને 'એજિંગ આઉટ' કહેવામાં આવે છે. ૨૧ વર્ષ પૂરા થતાં જ આ બાળકોએ કાં તો સ્ટુડન્ટ વિઝા (F-1) પર શિફ્ટ થવું પડે છે અથવા તો અમેરિકા છોડીને ભારત પરત ફરવું પડે છે, ભલે તેમનો સમગ્ર ઉછેર અમેરિકામાં થયો હોય! ૩. H-1B વિઝા અને નીતિઓમાં કડક નિયમોનો સિકંજો અમેરિકાની સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને ઈમિગ્રેશન નીતિઓમાં થઈ રહેલા ફેરફારોને કારણે H-1B વિઝા ધારકો માટે નોકરી બદલવી કે પ્રમોશન મેળવવું પણ જોખમી બન્યું છે. ગ્રીન કાર્ડની પ્રક્રિયા (PERM અને I-140) ચાલુ હોય ત્યારે જો કોઈ કંપની કર્મચારીને નોકરીમાંથી મુક્ત કરે (Layoff), તો તેને ૬૦ દિવસની અંદર નવી નોકરી શોધવી પડે છે. જો નવી નોકરી ન મળે તો આખી ગ્રીન કાર્ડ પ્રક્રિયા શૂન્યથી ફરી શરૂ કરવી પડે છે અથવા દેશ છોડવો પડે છે. ૪. યુરોપ અને કેનેડા તરફ ભારતીયોનું પલાયન

અમેરિકામાં ગ્રીન કાર્ડની અનિશ્ચિતતા અને માનસિક તણાવથી કંટાળીને હવે અનેક ઉચ્ચ કુશળ ભારતીયો અમેરિકા છોડીને કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા કે જર્મની જેવા દેશો તરફ વળી રહ્યા છે, જ્યાં પીઆર (Permanent Residency) ની પ્રક્રિયા અમેરિકા કરતાં ઘણી સરળ અને ઝડપી છે.

# દિવાળી પર અદાણી નહીં લૂંટે તો ક્યારે લૂંટે?: સીએનજીના ભાવમાં તોતિંગ વધારાથી જનતાની દિવાળી બગડી!

તહેવારોની મોસમ શરૂ થાય એટલે સામાન્ય માણસના ઘરમાં ખુશીઓ આવે કે ન આવે, પરંતુ મોટા કોર્પોરેટ ઘરિયાઓ અને અદાણી જેવા અબજોપતિઓની તિજોરીઓમાં કમાણીનો ધોધ ચોક્કસ વહેવા લાગે છે. ગુજરાતમાં ગાડીઓ દોડાવતી સામાન્ય જનતા અને ટેક્સી-ઓટો ચાલકોની કમર તોડવા માટે અદાણી ટોટલ ગેસ લિમિટેડે દિવાળીના સમયે જ સીએનજી (CNG) ના ભાવમાં પ્રતિ કિલો ૪ રૂપિયા ૪૫ પૈસાનો જંગી વધારો ઝીંકી દીધો છે.

સવાલ એ થાય છે કે, દિવાળીના તહેવાર ટાણે જ આ ભાવવધારો કેમ? શું અદાણી જૂથ એટલું ગરીબ છે કે જો તે દિવાળી પર સામાન્ય પ્રજાને નહીં લૂંટે, તો તેના સામ્રાજ્યને ઓટ આવી જશે?

**તહેવારોની ખુશી પર મોંઘવારીનો લાખોનો બોજ**

ગુજરાતમાં લાખો લોકો પોતાના વાહનોમાં સીએનજીનો ઉપયોગ કરે છે. મધ્યમ વર્ગના પરિવારો, રોજનું કમાઈને ખાતા રિક્ષાચાલકો અને નાના વેપારીઓ માટે સીએનજી એ માત્ર ઈંધણ નથી, પણ તેમના રોજીરોટીનું સાધન છે. જ્યારે અદાણી જેવા ઉદ્યોગપતિઓ એકાએક પ્રતિ કિલો ૪.૪૫ રૂપિયાનો વધારો કરે છે, ત્યારે તેની સીધી અસર રિક્ષાનું ભાડું, શાકભાજીના ભાવ અને મુસાફરીના ખર્ચ પર પડે છે.

એક તરફ તહેવારોમાં લોકો પોતાના પરિવાર સાથે હરવા-ફરવા માટે વાહન બહાર કાઢે છે, ત્યારે બીજી તરફ સરકાર અને આવી કંપનીઓની મિલીભગતના કારણે પ્રજાના ખિસ્સા પર સીધી તરાપ મારવામાં આવે છે. શું આને જ કહેવાય 'ડબલ એન્જિન સરકાર' ની જનહિતની નીતિઓ? કે પછી પ્રજાને લૂંટવા માટે ખુલ્લો પરવાનો આપી દેવામાં આવ્યો છે?

**અદાણીની કમાણી અને પ્રજાની લાચારી**

આ દેશમાં જ્યારે પણ મોંઘવારીની વાત આવે છે, ત્યારે સામાન્ય નાગરિકને કાયમ માટે બલિનો બકરો બનાવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવ ભલે ગમે તેટલા હોય, પણ જ્યારે-જ્યારે ભારતમાં તહેવારો કે ઉત્સવો આવે છે, ત્યારે-ત્યારે જ કેમ આ ભાવવધારાના તૂગલાબી ફરમાનો છૂટે છે? શું અદાણી ગ્રુપનો નફો ઓછો પડી રહ્યો હતો?

દિવાળીના દીવા પ્રગટાવવાના સમયે સામાન્ય માણસના ઘરમાં અંધારું કરવાનો આ કાળો ખેલ છે. અદાણી ગેસ દ્વારા લેવાયેલો આ નિર્ણય સાબિત કરે છે કે તેમને સામાન્ય પ્રજાની વેદના સાથે કોઈ લેવાદેવા નથી, તેમને માત્ર પોતાના નફાના આંકડા જ દેખાય છે. જો દિવાળી જેવા પવિત્ર તહેવાર પર પણ પ્રજાને ચૂસવાની નીતિ અપનાવવામાં આવતી હોય, તો પછી બાકીના દિવસોમાં શું હાલ થતા હશે તેની કલ્પના જ ન કરેલી સારી!

# ભારતના રાજકારણમાં સત્તા પરિવર્તન: જો વડાપ્રધાન પદ બદલાય તો દેશમાં કેવા ધરતીકંપ સર્જાઈ શકે? એક ગંભીર અને વિશ્લેષણાત્મક લેખ

ભારતીય લોકશાહી અને રાજકારણના ઈતિહાસમાં સત્તા પરિવર્તન એ માત્ર દિલ્હીની સાઉથ કે નોર્થ બ્લોકની ખુરશી બદલાવવાની સામાન્ય ઘટના નથી. આ એક એવી પ્રક્રિયા છે જે દેશની આખી સિસ્ટમ, વહીવટી માળખા અને વર્ષોથી ગુપ્ત રાખવામાં આવેલા રાજકીય રહસ્યોના પડદા એકસામટા ઉઘાડી નાખવાની તાકાત ધરાવે છે. વર્તમાન રાજકીય પરિપ્રેક્ષ્યમાં જો ક્યારેય કેન્દ્રની સત્તામાં પરિવર્તન આવે અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદ ગુમાવે, તો દેશના રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષેત્રે કેવા મોટા ધડાકા થઈ શકે છે, તેની ચર્ચા દેશભરમાં ચાલી રહી છે.

સત્તાના હસ્તાંતરણ સાથે જ દેશની દિશા અને દશા બદલી નાખતા કેટલાક મુખ્ય પરિબળો અને સંભવિત ઘટનાક્રમ પર જો નજર નાખીએ તો અનેક ચોંકાવનારી બાબતો સામે આવે છે:

**૧. દબાયેલા રહસ્યો અને ફાઈલોના ખુલવાના એંધાણ**

સત્તા અને તાકાત હંમેશાં ફાઈલોને સુરક્ષિત રાખવાનું કવચ બનતી હોય છે. રાજકીય વિશ્લેષકોના મતે, જો કેન્દ્રમાં સત્તાનું પરિવર્તન થાય તો દેશના ભૂતકાળ અને વર્તમાનના અનેક સંવેદનશીલ મુદ્દાઓની ફાઈલો પરથી ગુપ્તતાના તાળાં ખુલી શકે છે. ભૂતકાળની મોટી ઘટનાઓ, નિર્ણયો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાતા વિષયો પર કાયદાકીય અને સંસદીય તપાસનો દાયરો વિસ્તરી શકે છે. જે સત્યોને દબાવવા માટે સરકારી તંત્ર અને એજન્સીઓ કામે લાગતી હતી, તે કાગળો સત્તાના રક્ષણ વિના ખુલ્લા મેદાનમાં આવી શકે છે.

**૨. આર્થિક સામ્રાજ્યો અને બેનામી ભ્રષ્ટાચારનું ઓડિટ**

કોઈપણ સરકારના પતન બાદ સૌથી પહેલો માર આર્થિક હિતો અને શાસક પક્ષ સાથે જોડાયેલા અબજોપતિઓ અને નેતાઓના વ્યાપારિક સામ્રાજ્યો પર પડતો હોય છે. વર્ષોથી ભેગા કરાયેલા સંસાધનો, સરકારી ટેન્ડરોની હેરાફેરી, મોટા પ્રોજેક્ટ્સની ફાળવણી અને બેનામી સંપત્તિઓનું હિસાબ-કિતાબ માંગવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. સત્તાનું રક્ષણ હટી જતાની સાથે જ આર્થિક અનિયમિતતાઓની પોલ ખુલ્લી પડવાનો ભય હંમેશાં રાજકીય ભલભલા દિગ્ગજોને સતાવતો રહે છે.

**૩. શેરબજારની કૃત્રિમ તેજી અને મૂડીપતિઓનો ખેલ**

આજના સમયમાં ભારતીય શેરબજારની તેજી અને અદાણી-અંબાણી જેવા ગણ્યાગાંઠ્યા બિઝનેસ જાયન્ટ્સની સંપત્તિમાં થતો અકલ્પનીય વધારો હંમેશાં ચર્ચાનો વિષય રહ્યો છે. વિપક્ષો અને અર્થશાસ્ત્રીઓ આક્ષેપ કરતા આવ્યા છે કે આ તેજી પાછળ થોડા ઉદ્યોગપતિઓ અને સરકારની મિલીભગત છે. જો સત્તા પરિવર્તન થાય, તો આ મોનોપોલી (ઈજારેશાહી) પર કાપ આવી શકે છે, જેના કારણે શેરબજારમાં મોટા કડાકા બોલવાની અને આર્થિક નીતિઓની ફેરતપાસ થવાની પૂરી સંભાવના રહે છે.

**૪. મીડિયાની ભૂમિકા અને 'ગોદી મીડિયા'નો પર્દાફાશ**

છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય પત્રકારત્વ પર સત્તાના પ્રભાવ અને 'ચાટુકારિતા'ના ગંભીર આક્ષેપો લાગતા રહ્યા છે. જે પત્રકારોએ જનતાના પ્રશ્નો પૂછવાના બદલે સરકારના પીઆર (PR) એજન્ટ બનીને કામ કર્યું છે, સત્તા બદલાતા જ તેમની વિશ્વસનીયતાનો કાળો ઈતિહાસ લોકોની સામે આવશે. ખોટા નેરેટિવ્સ ચલાવવા, વાસ્તવિક મુદ્દાઓથી જનતાનું ધ્યાન ભટકાવવા અને તંત્રના ગુનેગારોને બચાવવા માટે કામ કરનાર મીડિયા હાઉસિસનો અસલી ચહેરો ઉજાગર થશે.

**૫. નોકરશાહી (બ્યુરોક્રસી) અને અધિકારીઓની જવાબદેહી**

સરકાર કોઈ પણ હોય, પરંતુ નીતિઓનો અમલ કરનાર તો અધિકારીઓ જ હોય છે. સત્તાના ઈશારે વિરોધીઓને હેરાન કરવા, કાયદાનો દુરુપયોગ કરવો અને ગેરકાયદેસર આદેશોનું પાલન કરનાર અધિકારીઓ અને પોલીસ પ્રશાસનના વડાઓ માટે સત્તા પરિવર્તન મુસીબત બની શકે છે. કાયદો જ્યારે સક્રિય થશે ત્યારે ગેરરીતિમાં સામેલ અધિકારીઓને પોતાની નોકરી અને પેન્શન બચાવવા ભારે પડી જશે અને દરેક જુલ્મનો હિસાબ માંગવામાં આવશે.

**૬. આંકડાઓની માયાજાળ અને વાસ્તવિક ગરીબીનું ચિત્ર**

સરકારી દાવાઓ મુજબ ભારત વિશ્વની પાંચમી કે ત્રીજી આર્થિક મહાસત્તા બનવાની દોડમાં છે, પરંતુ જમીની હકીકત મોંઘવારી, બેરોજગારી અને ગરીબીનું મોંઘુ દર્શન કરાવે છે. સત્તા બદલાતા જ જીડીપીના મસાલેદાર આંકડાઓ, વિકાસના ફુલાવેલા દાવાઓ અને સરકારી ડેટાની પારદર્શક તપાસ શરૂ થશે. દેશની અસલી આર્થિક કંગાળી, યુવાનોની બેરોજગારી અને ભૂખમરાના સાચા આંકડાઓ જનતાની સમક્ષ આવશે.

**નિષ્કર્ષ:**

રાજકારણમાં કોઈ પણ વ્યક્તિ કે પક્ષ કાયમ માટે અજેય નથી હોતો. સત્તાનું પરિવર્તન એ લોકશાહીનું સુંદર અને આવશ્યક અંગ છે. જો મોદી પદ ગુમાવે, તો તે માત્ર એક ચૂંટણીની હાર નહીં હોય, પરંતુ તે દેશની દિશા બદલનારો એક મોટો રાજકીય ભૂકંપ સાબિત થશે, જેનાથી દેશના મૂળભૂત પ્રશ્નો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવશે.

# જ્યારે બધું જ ઓનલાઈન થઈ ગયું, ત્યારે માણસ પોતાના મનની વાત કોને કહે?

આધુનિક યુગમાં માણસની જિંદગીમાં ઘણું બધું બદલાઈ ગયું છે. પત્ર લખવાની જગ્યાએ મેસેજ આવ્યા, રૂબરૂ મળવાની જગ્યાએ વીડિયો કૉલ આવ્યા, બજારમાં જવાની જગ્યાએ ઓનલાઈન ખરીદી શરૂ થઈ અને લાગણીઓ વ્યક્ત કરવાની જગ્યાએ સોશિયલ મીડિયા પર ઈમોજી મોકલવાની આદત પડી ગઈ. ટેક્નોલોજીએ જીવનને સરળ બનાવ્યું છે, પરંતુ આ સરળતાની વચ્ચે એક સવાલ ધીમે ધીમે ઊભો થઈ રહ્યો છે કે શું માણસ ખરેખર એકબીજાની નજીક આવ્યો છે કે માત્ર સ્ક્રીનની નજીક રહી ગયો છે?

આજે માણસ પાસે દુનિયાના કોઈપણ ખૂણે બેઠેલી વ્યક્તિ સાથે વાત કરવાની સુવિધા છે, છતાં ઘણી વખત પોતાના ઘરમાં બેઠેલી વ્યક્તિ સાથે વાત કરવા માટે સમય નથી. મોબાઈલમાં હજારો સંપર્કો સચવાયેલા છે, પરંતુ મનની વાત નિઃસંકોચ કહી શકાય એવી વ્યક્તિ શોધવી મુશ્કેલ બની ગઈ છે. સોશિયલ મીડિયા પર ખુશીના ફોટા મૂકવામાં આવે છે, પરંતુ એ જ તસવીરોની પાછળ છુપાયેલી ઉદાસી વાંચવા માટે કોઈ પાસે સમય નથી.

એક સમય હતો, જ્યારે સાંજ પડતાં જ ઘરના આંગણામાં પરિવારના સભ્યો ભેગા થતા. દિવસભરની વાતો થતી, હાસ્ય ગુંજતું અને વડીલોના અનુભવમાંથી જીવન જીવવાની સમજ મળતી. આજે ઘરમાં બધા સાથે હોય છે, પરંતુ દરેકની દુનિયા અલગ સ્ક્રીનમાં બંધાયેલી હોય છે. એક જ છત નીચે રહેતા લોકો વચ્ચે પણ અંતર ઊભું થઈ જાય છે. આ અંતર કિલોમીટરમાં માપી શકાતું નથી, કારણ કે તે લાગણીઓનું અંતર છે. ટેક્નોલોજી ખરાબ નથી. એ તો માનવજીવનને વધુ સુવિધાજનક બનાવવાનું ઉત્તમ સાધન છે. મુશ્કેલી ત્યારે ઊભી થાય છે, જ્યારે સાધન આપણા સમય પર નહીં, પરંતુ આપણે સાધનના સમય પર જીવવા લાગીએ છીએ. મોબાઈલ આપણા હાથમાં હોવો જોઈએ, આપણા સંબંધો અને સંવેદનાઓ પર નહીં. આપણે ક્યારેક વિચારવું જોઈએ કે દિવસમાં કેટલા કલાક મોબાઈલ પાછળ પસાર કરીએ છીએ અને કેટલી મિનિટ પરિવારના સભ્યોની વાત ધ્યાનથી સાંભળીએ છીએ? કોઈનો મેસેજ તરત વાંચી લઈએ છીએ, પરંતુ સામે બેઠેલી વ્યક્તિની આંખોમાં રહેલી ઉદાસી સમજવામાં મોડું કરી દઈએ છીએ. આ જ આધુનિક જીવનની એક વિચિત્ર વાસ્તવિકતા છે. સંબંધોને જીવંત રાખવા માટે મોંઘી ભેટો કે મોટા આયોજનની જરૂર નથી. કોઈની વાત શાંતિથી સાંભળવી, વડીલો પાસે થોડી વાર બેસવું, બાળકો સાથે મન મૂકીને હસવું અને મિત્રને મુશ્કેલીના સમયે ફોન કરીને પૂછવું કે "તું ખરેખર કેમ છે?" – આ નાની બાબતો જીવનમાં મોટો અર્થ ધરાવે છે. આપણે નવી ટેક્નોલોજી શીખીએ, ડિજિટલ દુનિયામાં આગળ વધીએ અને સમયની સાથે બદલાઈએ; પરંતુ એ બદલાવમાં માનવતા, આત્મીયતા અને લાગણીઓ ગુમાવી ન બેસીએ. કારણ કે જીવનની સૌથી સુંદર ક્ષણો નેટવર્કની ઝડપથી નહીં, પરંતુ સંબંધોની ઊંડાઈથી યાદગાર બને છે. છેવટે એટલું જ કહેવાનું કે દુનિયા સાથે જોડાયેલા રહેવા માટે ઈન્ટરનેટ જરૂરી હોઈ શકે, પરંતુ પોતાના માણસો સાથે જોડાયેલા રહેવા માટે સંવેદનશીલ હૃદય જરૂરી છે. સ્ક્રીનની રોશની ભલે આખી રાત સાથ આપે, પરંતુ મનના અંધકારને દૂર કરવા માટે કોઈ પોતાના માણસનો આત્મીય શબ્દ જ પૂરતો હોય છે.

– રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ




પાક્કો ગુજરાત
શનિવાર | 24 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### પોરબંદરના દરિયા, માછીમારોની રોજગારી અને જનઆરોગ્યના રક્ષણ માટે 'સેવ પોરબંદર સી'ની હાકલ

# જેતપુરની પ્રદૂષિત પાણીની પાઇપલાઇન સામે ફરી પોરબંદરથી આંદોલનના મંડાણ!!

## 25 ઓક્ટોબરે શરદપૂર્ણિમાની સાંજે અસ્માવતી ઘાટ ખાતે યોજાશે જેતપુર પ્રદૂષિત પાણી યોજનાના પ્રતીકાત્મક દાનવનું દહન




ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદરના વિશાળ દરિયાકાંઠા, દરિયાઈ જીવસૃષ્ટિ, માછીમાર સમાજની આજીવિકા અને પર્યાવરણના રક્ષણનો પ્રશ્ન ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. જેતપુરના ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા પ્રદૂષિત પાણીના નિકાલ માટે દરિયા સુધી પાઈપલાઈન નાખવાની યોજના સામે 'સેવ પોરબંદર સી'ની ટીમ અને સમસ્ત ખારવા સમાજ દ્વારા ફરી એકવાર જનઆંદોલન શરૂ કરવાની દિશામાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ યોજનાને લઈને લોકોમાં જાગૃતિ ફેલાવવા અને પોરબંદરના હિતોના રક્ષણ માટે સામૂહિક એકતા ઊભી કરવાના હેતુથી આગામી તા. ૨૫ ઓક્ટોબર, રવિવારના રોજ શરદપૂર્ણિમાની સાંજે ૭ વાગ્યે પોરબંદરના ખારવાવાડ પાસે આવેલા અસ્માવતી ઘાટ ખાતે જેતપુર પ્રદૂષિત પાણી યોજનાના પ્રતીકાત્મક દાનવનું દહન કરવાનો કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

'સેવ પોરબંદર સી'ની ટીમ દ્વારા આ કાર્યક્રમને માત્ર પ્રતીકાત્મક વિરોધ પૂરતો મર્યાદિત ન રાખતાં પોરબંદરના પર્યાવરણ, દરિયાઈ સંપત્તિ, માછીમારોની આજીવિકા અને ભાવિ પેઢીના સ્વાસ્થ્યના રક્ષણ માટેની એક સામૂહિક ચળવળ તરીકે આગળ વધારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. તાજેતરમાં જેતપુર પાઈપલાઈન યોજનાના કેટલાક કોન્ટ્રાક્ટરો, કંપનીના પ્રતિનિધિઓ અને જી.ડબલ્યુ.આઈ.એલ. સાથે સંકળાયેલા કેટલાક લોકોની ખારવા સમાજ તથા 'સેવ પોરબંદર સી'ની ટીમ સાથે મુલાકાત થઈ હતી. આ મુલાકાત દરમિયાન થયેલી ચર્ચામાં પાઈપલાઈન નાખવાની કામગીરી આશરે ૪૮ ટકા જેટલી પૂર્ણ થવા આવી હોવાનું જાણવા મળ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

નૂતનબેન ગોકાણી ના જણાવ્યા મુજબ તેઓને મળેલી માહિતી મુજબ, અત્યાર સુધી પાઈપલાઈનનો કેટલોક ભાગ સરકારી ખરાબાની જમીનમાંથી પસાર કરવામાં આવ્યો છે. હવે આગળની કામગીરી માટે ખેડૂતોની જમીન સુધી પહોંચીને ખોદકામ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી હોવાની રજૂઆત કરવામાં આવી છે.

'સેવ પોરબંદર સી'ની ટીમના જણાવ્યા મુજબ, કેટલાક ખેડૂતો પાસેથી દસ્તાવેજો મેળવવા અને તેમની સંમતિ હોવાનું માનીને ખોદકામ આગળ વધારવાના પ્રયાસો થયાં અંગેના આક્ષેપો અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ખેડૂતોની સંમતિ, જમીનના હકો અને પાઈપલાઈનના કામકાજની કાયદેસર પ્રક્રિયા અંગે સ્પષ્ટતા થવી જરૂરી હોવાનું આંદોલનકારીઓ માને છે.

પાઈપલાઈનનું કામ ઝડપથી આગળ વધી રહ્યું હોવાના અહેવાલોને પગલે હવે વધુ વિલંબ કર્યા વિના આ મુદ્દે જનજાગૃતિ લાવવી અને લોકશક્તિને સંગઠિત કરવી જરૂરી બની હોવાનું 'સેવ પોરબંદર સી'ની ટીમે જણાવ્યું છે. જેતપુરની પ્રદૂષિત પાણીની પાઈપલાઈન યોજના સામે સમસ્ત ખારવા સમાજ દ્વારા છેલ્લા બે વર્ષથી કાનૂની લડત ચલાવવામાં આવી રહી છે.

# જામનગરમાં ભાજપના જ શાસનમાં ભાજપના કોર્પોરેટર લાચાર

### વારંવાર હાથ જોડવા છતાં ગટરનું કામ ન થતાં અધિકારીઓની નિષ્ક્રિયતા સામે વીડિયો વાયરલ કરી જનતાની હાલાકી રજૂ કરી, કામ કરનારને રોકડ ઇનામની જાહેરાત!

જામનગર

સૌરાષ્ટ્રના પેરિસ ગણાતા જામનગર શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની સત્તા પર બેઠેલા ભારતીય જનતા પાર્ટીના શાસકો અને મહાનગરપાલિકાના વહીવટી અધિકારીઓની ઘોર બેદરકારી તથા નિષ્ક્રિયતાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જામનગરમાં સ્વપક્ષના જ કોર્પોરેટરે પોતાની જ સરકારના વહીવટી અધિકારીઓની નકામી અને કાગળ પરની કામગીરી સામે ભારે અસંતોષ વ્યક્ત કરીને બળવો પોકાર્યો છે. વારંવારની રજૂઆતો, અરજીઓ અને અધિકારીઓ સામે હાથ જોડવા છતાં પણ પ્રજાને નરકાગારમાંથી મુક્તિ ન મળતાં આખરે આક્રોશમાં આવીને કોર્પોરેટરે સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરી તંત્રના ભ્રષ્ટ અને અસંવેદનશીલ ચહેરાને ખુલ્લો પાડ્યો છે. મળતી વિગતો અનુસાર, જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૧ ના વિસ્તારમાં લાંબા સમયથી ગટર લાઈનની ગંભીર સમસ્યા વ્યાપેલી છે. ગટરના ગંદા પાણી રસ્તાઓ પર ફરી વળતાં સ્થાનિક રહીશો અને પદયાત્રીઓ અસહ્ય દુર્ગંધ અને રોગચાળાના ભય વચ્ચે જીવવા મજબૂર બન્યા છે. આ અંગે સ્થાનિક ભાજપના કોર્પોરેટરે પ્રજાના પ્રતિનિધિ તરીકે અધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર સુધી અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરી હતી. એટલું જ નહીં, પ્રજાના કામ માટે અધિકારીઓ આગળ હાથ જોડવા સુધીની સ્થિતિ આવી ગઈ હોવા



છતાં, મનપાના આળસુ અને નિષ્ક્રિય અધિકારીઓના પેટનું પાણી પણ હલ્યું નહોતું. અધિકારીઓની સતત ઉપેક્ષા અને પ્રજાની વ્યાપક હાલાકીથી કંટાળીને આખરે ભાજપના આ કોર્પોરેટરે એક અનોખો અને વિરોધ દર્શાવતો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે. આ વીડિયોમાં તેમણે જામનગર મહાનગર પાલિકાના અધિકારીઓની પોકળ કામગીરીના ધજાગરા ઉડાડ્યા છે.

### ભાજપના ડરાવવા-ધમકાવવાના રાજકારણના પાયા હચમચી ગયા

# પૂર્વ યુવક કોંગ્રેસ પ્રમુખ રાજેશ બ્રહ્મભટ્ટની અમિત ચાવડાના હસ્તે શાનદાર ઘરવાપસી!

અમદાવાદ

ભાજપના વિભાજનકારી અને ડરાવવા-ધમકાવવાના રાજકારણના પાયા હચમચાવી નાખતા અગત્યના રાજકીય સમાચાર સામે આવ્યા છે. વર્ષ 2022માં સત્તાના જોરે કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા અમદાવાદ શહેર યુવક કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ રાજેશ પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટે અંતે ભાજપની મલીન નીતિઓથી કંટાળીને કોંગ્રેસ પક્ષમાં વિધિવત ઘરવાપસી કરી લીધી છે. આ ઘટનાક્રમે અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો લાવી દીધો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના યુવા અને ઊર્જાવાન પ્રમુખ શ્રી અમિત ચાવડાના વરદ હસ્તે રાજેશ પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટને કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરાવીને વિધિવત રીતે પક્ષમાં પુનઃ સક્રિય કરવામાં આવ્યા હતા. આ ગૌરવપૂર્ણ પ્રસંગે દરિયાપુરના પૂર્વ ધારાસભ્ય ગયાસુદ્દીન શેખ, ચાણસ્માના ધારાસભ્ય દિનેશ ઠાકોરજી તેમજ પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. અમિત નાયક ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના અગ્રણી નેતાઓની હાજરી વચ્ચે થયેલી આ ઘરવાપસીથી વિપક્ષી ખેમામાં નવો જોશ અને ઉત્સાહનો




સંચાર થયો છે. કોંગ્રેસમાં પુનઃ જોડાયા બાદ રાજેશ પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટે ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કરતા અને ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, તેઓ દેશનું ભવિષ્ય અને લોકસભામાં વિપક્ષના નેતા શ્રી રાહુલ ગાંધી તેમજ પ્રદેશ પ્રમુખ શ્રી અમિત ચાવડાના સબળ નેતૃત્વથી પ્રેરિત થઈને માતૃસંસ્થામાં પાછા ફર્યા છે. તેમણે વધુમાં ભાજપ શાસન પર પ્રહારો કરતા ઉમેર્યું હતું કે, વર્તમાન ભાજપ સરકાર દ્વારા દેશના બેરોજગાર અને શિક્ષિત યુવાઓ પર સતત અત્યાચાર ગુજારવામાં આવી રહ્યો છે, જેનાથી યુવાધન તંગ આવી ગયું છે.

## જેતપુર ઉધોગનગર પોલીસ પોલીસ દ્વારા ઘરફોડ ચોરી અને વાહન ચોરીના ગુનામાં નાસતા-ફરતા વોરંટી આરોપીની ધરપકડ

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર તથા જેતપુર વિભાગના નાયબ પોલીસ અધીક્ષક રોહિતસિંહ ડોડીયાના સીધા માર્ગદર્શન હેઠળ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા એક સરાહનીય કામગીરી કરવામાં આવી છે. પોલીસે ઘરફોડ ચોરી અને વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલા અને નામદાર કોર્ટમાંથી બીએનએસ કલમ-૭૨ મુજબના વોરંટ ધરાવતા નાસતા-ફરતા આરોપીને જેતપુર ઉદ્યોગનગર પોલીસે ઝડપી પાડ્યો છે. આ કેસની વિગત મુજબ, ગત તારીખ ૧૩/૦૬/૨૦૨૬ના રોજ જેતપુરના તત્કાલ ચોકડી પાસે આવેલી એક પાન-માવાની દુકાનના દરવાજાના તાળા તોડી, ગેરકાયદેસર પ્રવેશ કરી રોકડા રૂપિયા ૨,૫૦૦/- તથા ગલ્લા નીચે રાખેલા આશરે રૂપિયા ૨,૧૦૦/- મળી કુલ રૂપિયા ૪,૬૦૦/- ની ચોરી થવા અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૦૫(એ), ૩૩૧(૪) મુજબ ગુનો નોંધાયો હતો. ઘટનાના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરતા આરોપી મોહન સોમભાઈ મકવાણા (ઉંમર વર્ષ ૨૨, રહે. ગોંડલ, રાજકોટ છઈવે, ખોડીયાર હોટલ પાસે, જી. રાજકોટ) હોવાનું સામે આવ્યું હતું.

# શિનોર થી માલસર રોડના ડામરીંગ નું તારીખ 15 ગુરુવારે ખાતમુહૂર્ત કર્યા પછી બે દિવસમાં કામ બંધ

### કોન્ટ્રાક્ટરે તારીખ 1 સપ્ટેમ્બર થી તારીખ 31 ડિસેમ્બર 2025 સુધીમાં આ રોડનું કામ પૂરું કરવાનું હતું





સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના શિનોર થી માલસર રોડ 7 મીટર થી 10 મીટર પહોળો કરવાનો કોન્ટ્રાક્ટ રુદ્રા ઈન્ફ્રા પ્રોજેક્ટને રૂપિયા 5 કરોડ 14 લાખમાં આપવામાં આવ્યો હતો ,તેને તારીખ 1 સપ્ટેમ્બર 2025 થી 31 ડિસેમ્બર 2025 સુધીમાં આ રોડનું કામ પૂરું કરવાનું હતું. પરંતુ કામ પુરૂ થઈ શક્યુ નહોતું. જેના કારણે યાત્રાધામ માલસર જતા યાત્રાળુઓ, રાહદારીઓ, ખેડૂતો સહિત પુલ ઉપરથી જતા વાહનો ને ભારે અગવડ પડી હતી. જેનો ભારે વિરોધ વંટોળ ઊભો થયો હતો. વર્તમાન પત્રમાં પણ વારંવાર સમાચારો ચમકચા હતા. જેના કારણે આશરે સાડા 10 મહિના પછી તારીખ 15 ઓક્ટોબર 2026 ગુરુવારે ધારાસભ્ય અક્ષય પટેલે પોતાના કાર્યકરો સાથે આવી મશીન ની પૂજા કરી કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું અને આ કામ પૂરું થાય પછી તુરત સાધલી કાયાવરોહણ રોડનું કામ હાથ ધરવામાં આવશે, તેવી ખાતરી આપવામાં આવી હતી. શિનોર માલસર રોડનું ખાતમુહૂર્ત કર્યા પછી એક સાઈડ રામવાડી સુધી કામ કરીને રોડનું કામ બંધ કરી દેવામાં આવ્યું છે. જે છેલ્લા પાંચ દિવસથી સદંતર કામ બંધ છે. અને હજુ પણ ડામર નહીં મળે તો આગામી દસ દિવસ સુધી કામ બંધ રહેવાની વકી છે. તંત્ર અને કોન્ટ્રાક્ટર પાસે પૂરેપૂરો ડામર નહોતો ,તો ખાતમુહૂર્ત કરવાની ઉતાવળ કેમ કરવામાં આવી ????? તે ચર્ચાનો વિષય બનેલ છે. આ કામની શરૂઆત તારીખ 1 સપ્ટેમ્બર 2025 થી જ કોન્ટ્રાક્ટર તથા માર્ગ મકાન વિભાગના ઈજનેરો દ્વારા મેળાપીપણા માં ગમે તે કારણોસર આ કામને ખોરંભે નાખવામાં આવ્યું હતું અને 31 ડિસેમ્બર ચાર માસમાં કામ પૂરું કરવાનું હોવા છતાં સાડા 10 મહિના સુધી આ કામને ખોરંભે નાખવામાં આવ્યું હતું અને તારીખ 15 ઓક્ટોબરે ધારાસભ્ય અક્ષય પટેલ ના હસ્તે ખાતમુહૂર્ત કર્યા પછી પણ હાલ કામ બંધ છે.

### જિલ્લા પોલીસ વડા તપાસ કરી કડક કાર્યવાહી કરે તેવી માગ

# દાંતા બગીચા વિસ્તારમાં વિદેશી દારૂનું વેચાણ બેફામ? પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા

### નંબર પ્લેટ વગરની બ્લુ એક્ટિવા અને સફેદ સ્વીફ્ટ કાર મારફતે દારૂ વેચાતો હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

દાંતા

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો અમલમાં છે, છતાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં દારૂનું વેચાણ ખુલ્લેઆમ થઈ રહ્યું છે. દાંતા બગીચા વિસ્તાર તેમજ પેથાપુર શીતળામાતા મંદિર પાસે સાંજ પડતા જ દેશી અને વિદેશી દારૂનું વેચાણ શરૂ થઈ જાય છે. સ્થાનિક લોકોને બધી જ જાણકારી હોવા છતાં સ્થાનિક પોલીસ અજાણ હોય તેવું લાગી રહ્યું છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, દાંતા બગીચા વિસ્તારમાં બ્લુ કલરની નંબર પ્લેટ વગરની એક્ટિવાની ડીકીમાં વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે. દારૂનો જથ્થો એક્ટિવામાં જ રાખવામાં આવે છે અને ગ્રાહક આવે એટલે તરત જ ડિલિવરી આપી દેવામાં આવે છે. એટલું જ નહીં, પેથાપુર શીતળામાતા મંદિર પાસે પણ સાંજના સમયે એક સફેદ કલરની સ્વીફ્ટ ગાડી અને તે જ બ્લુ કલરની નંબર પ્લેટ વગરની એક્ટિવામાં દારૂ વેચાતો હોવાનું સામે આવ્યું છે.

એક તરફ રાજ્યના ગૃહમંત્રી કહી રહ્યા છે કે ગુજરાતમાં ક્યાંય પણ દારૂ ન મળવો જોઈએ, તો બીજી તરફ દાંતામાં માંગો તેટલો દારૂ અને જે બ્રાન્ડ માંગો તે બ્રાન્ડ આસાનીથી મળી રહી છે. દેશી હોય કે વિદેશી, દરેક પ્રકારનો દારૂ ખુલ્લેઆમ મળી રહેતા યુવા વર્ગમાં વ્યસનનું પ્રમાણ વધી રહ્યું છે, જે ચિંતાનો વિષય બન્યો છે.

સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે આટલા મોટા પાયે દારૂ વેચાતો હોય અને પોલીસને ખબર જ ન હોય તે શક્ય જ નથી. પોલીસની નિષ્ક્રિયતાને કારણે બુટલેગરોના હૌસલા બુલંદ બન્યા છે. દાંતામાં દારૂબંધી માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

દાંતાના જાગૃત નાગરિકો અને વાલીઓએ માંગ કરી છે કે, જિલ્લા પોલીસ વડા આ બાબતને ગંભીરતાપૂર્વક લે અને આવા રીઢા બુટલેગરો પર કાયદેસરની કડક કાર્યવાહી કરે. જો સમયસર પગલાં નહીં ભરવામાં આવે તો દાંતામાં દારૂનું દૂષણ વધુ વકરશે અને યુવાનોનું ભવિષ્ય અંધકારમય બનશે.

હવે જોવાનું એ રહે છે કે, અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ દાંતા પોલીસ જાગે છે કે પછી બુટલેગરો આમ જ બેફામ રીતે દારૂનું વેચાણ કરતા રહેશે.

# છોટાઉદેપુરના ડોન બોસ્કો બ્રિજ પર જાહેરનામાના ઉલ્લંઘનનો આક્ષેપ! તંત્રની કામગીરી સામે સવાલો!!




છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાં ડોન બોસ્કો બ્રિજ પર પ્રતિબંધો હોવા છતાં વાહનોની અવરજવર થતી હોવાના આક્ષેપથી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

છોટાઉદેપુર જિલ્લાના ડોન બોસ્કો બ્રિજ પર જાહેરનામાનું ઉલ્લંઘન થતું હોવાની ફરિયાદો સામે આવી રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, બ્રિજ પર દરરોજ મોટી સંખ્યામાં વાહનોની અવરજવર જોવા મળે છે. જો જાહેરનામા હેઠળ વાહનવ્યવહાર પર પ્રતિબંધ કે નિયંત્રણ લાગુ હોય, તો તેનું પાલન કરાવવાની જવાબદારી કોની છે?

જાહેરનામું માત્ર કાગળ પર જ રહેશે કે તેનો અમલ પણ થશે? એવો સવાલ હવે જનતામાં ચર્ચાઈ રહ્યો છે. જો પ્રતિબંધ હોવા છતાં વાહનોની અવરજવર ચાલુ હોય, તો સંબંધિત જવાબદાર અધિકારીઓ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી રહી છે, તે પણ સ્પષ્ટ થવું જોઈએ.

આ મામલે જિલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગે તાત્કાલિક સ્થળ તપાસ કરી, જાહેરનામાની શરતોનો કડક અમલ કરાવવો જોઈએ.

નિયમોનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

હવે જોવાનું એ રહ્યું કે છોટાઉદેપુરનું વહીવટી તંત્ર આ મામલે કડક પગલાં ભરે છે કે પછી જાહેરનામાના અમલ અંગેના સવાલો યથાવત્ રહે છે.

જનહિતનો સવાલ: જાહેરનામું અમલમાં છે, તો તેનું ઉલ્લંઘન થતું અટકાવવા માટે જવાબદાર તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરશે ખરું?

## દિવાળીના તહેવારો પૂર્વે આવકવેરા વિભાગની કાર્યવાહીથી કચ્છના ઉધોગજગતમાં ચકચાર!!

ભચાઉ, રૂપેશ સોલંકી

પૂર્વ કચ્છના ગાંધીધામ અને અંજાર તાલુકામાં આવેલી ખાદ્યતેલના ઉત્પાદન સાથે સંકળાયેલી એક જાણીતી કંપની પર આવકવેરા વિભાગ (IT) દ્વારા ગુરુવારે સવારથી તપાસ હાથ ધરવામાં આવતાં ઉદ્યોગજગતમાં ભારે ચર્ચા જાગી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દિલ્હીથી આવેલા આવકવેરા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ 20થી વધુ વાહનોના કાફલા સાથે કચ્છ પહોંચી હતી. ત્યારબાદ ગાંધીધામ તાલુકાના પડાણા ખાતે આવેલી કંપનીના પ્લાન્ટ તેમજ અંજાર તાલુકાના આંબાપર નજીક આવેલા પ્લાન્ટ પર એકસાથે તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કંપનીના દસ્તાવેજો, નાણાકીય વ્યવહારો અને સ્ટોકની ચકાસણી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. જોકે, આ કાર્યવાહી અંગે આવકવેરા વિભાગ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી. દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે હાથ ધરાયેલી આ તપાસને પગલે વેપારી અને ઔદ્યોગિક વર્તુળોમાં વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર મામલાની હકીકતો અને નાણાકીય વ્યવહારો અંગે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે.

# રાણપુર પોલીસની પ્રોહિબિશન મામલે કડક કાર્યવાહી: એક મહિનામાં 17 જેટલા કેસો નોંધાયા

### દારૂનું વેચાણ અને સેવન કરનારા તત્વો સામે પોલીસની લાલ આંખ; અલગ-અલગ ગામોમાં દરોડા પાડતાં અસામાજિક તત્વોમાં ફફડાટ

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુર શહેર અને તાલુકામાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવા માટે રાણપુર પોલીસ દ્વારા પ્રોહિબિશનને લગતી કાર્યવાહી તેજ બનાવવામાં આવી છે. બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માની સૂચના તથા ડીવાયએસપી ચિંતન પટેલના માર્ગદર્શન હેઠળ રાણપુર પોલીસ દ્વારા છેલ્લા એક મહિનામાં પ્રોહિબિશનના આશરે 17 જેટલા કેસો નોંધી ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. પોલીસની આ સતત કાર્યવાહીથી દારૂનું વેચાણ કરતા અને દારૂનું સેવન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. રાણપુર શહેર સહિત તાલુકાનાં વિવિધ ગામોમાં દારૂના ગેરકાયદેસર વેચાણ અને સેવન સામે કાર્યવાહી કરવા માટે પોલીસ દ્વારા અલગ-અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન પ્રોહિબિશન સંબંધિત આશરે 17 જેટલા કેસો નોંધવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. દારૂબંધીના કાયદાનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને પોલીસ દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવનારાઓ સામે કડક વલણ અપનાવવામાં આવશે.બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માની સૂચના અને ડીવાયએસપી ચિંતન પટેલના માર્ગદર્શન હેઠળ રાણપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.એ. પટેલ, પી.એસ.આઈ. બી.ડી. પટેલ, પી. એસ.આઈ. કે.એમ. તડવી સહિત પોલીસ સ્ટાફ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં દારૂના ગેરકાયદેસર વેચાણ અંગે માહિતી મેળવીને અલગ-અલગ સ્થળોએ તપાસ અને દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાણપુર પોલીસની આ કાર્યવાહીથી દારૂના ગેરકાયદેસર વેચાણ સાથે સંકળાયેલા તત્વોમાં ચિંતા જોવા મળી રહી છે. જાહેર વ્યવસ્થા જાળવવા અને દારૂબંધીના કાયદાનું પાલન કરાવવા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ, બાતમીના આધારે તપાસ અને શંકાસ્પદ સ્થળોએ દરોડા જેવી કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.





### બંનેએ હજુ સુધી કોઈ ફિલ્મ સાથે નથી કરી

# પ્રિયંકા અને સૈફનું કોલબરેશન ફરી થતાં થતાં રહી ગયું

મુંબઈ

બોલિવુડમાં પ્રિયંકા ચોપરા અને સૈફ અલી ખાન દાયકાઓથી સક્રિય હોવા છતાં કોઈ ફિલ્મમાં સાથે નથી દેખાયા. રિતેશ બત્રાની પિરિયડ ડ્રામા માટે તેમને સંપર્ક કરાયો હતો. જોકે, તારીખોના અભાવે પ્રિયંકાએ આ ફિલ્મ છોડી દીધી. મુંબઈના ભાયખલા મ્યુઝિયમમાં સૈફ સાથે ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે, પરંતુ પ્રિયંકાના સ્થાને અન્ય 2 અભિનેત્રીઓ સાથે વાતચીત ચાલી રહી છે. બોલિવુડમાં દાયકાઓથી સક્રિય હોવા છતાં પણ પ્રિયંકા ચોપરા તથા સૈફ અલી ખાને ક્યારેય કોઈ ફિલ્મમાં સાથે કામ કર્યું નથી. હવે વર્ષો પછી રિતેશ બત્રાની પિરિયડ ડ્રામા માટે સૈફ સાથે પ્રિયંકાનો સંપર્ક કરાતાં બંને પહેલીવાર સાથે દેખાય તેવી તક ઉભી થઈ હતી. જોકે, પ્રિયંકાએ તારીખોના અભાવે આ ફિલ્મ છોડી દીધી છે. આમ ફરી પ્રિયંકા અને સૈફનું કોલબરેશન થતાં થતાં રહી ગયું છે.

એક તરફ મુંબઈમાં ભાયખલામાં આવેલા મ્યુઝિયમ ખાતે નિર્દેશક રિતેશ બાત્રાની ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું છે તો બીજી તરફ તારીખોના અભાવે આ ફિલ્મ છોડી દેનારી પ્રિયંકા ચોપડાના સ્થાને ફિલ્મની હિરોઈન નક્કી કરવા માટે બે એક્ટ્રેસ સાથે ફિલ્મમેકર્સની વાત ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રિયંકા ચોપડાની ટીમે રિતેશ બાત્રાની ટીમ સાથે મળી પ્રિયંકાની તારીખોની આસપાસ શૂટિંગ ગોઠવવાના પ્રયાસો કરી જોયાં પણ તેમાં મેળ ન પડતાં પ્રિયંકાએ આખરે આ પ્રોજેક્ટ છોડી દેવો પડયો છે.

ફિલ્મમેકર્સ એક જ શેડયુલમાં દક્ષિણ મુંબઈમાં ફિલ્મનું શૂટિંગ પુરૂ કરી લેવા માંગતા હોઈ હાલ સૈફના હિસ્સાનું શૂટિંગ કરવામાં આવી રહ્યું છે. રિતેશ બાત્રા એ 'લંચ બોક્સ' અને 'ફોટોગ્રાફ' એમ બે જ ફિલ્મો હિન્દીમાં બનાવી છે. બંનેમાં તેમણે નવાઝુદ્દીન સિદ્દિકી સાથે કામ કર્યું હતું. બોલિવુડમાં પ્રિયંકા ચોપરા અને સૈફ અલી ખાન દાયકાઓથી સક્રિય હોવા છતાં કોઈ ફિલ્મમાં સાથે નથી દેખાયા. રિતેશ બત્રાની પિરિયડ ડ્રામા માટે તેમને સંપર્ક કરાયો હતો. જોકે, તારીખોના અભાવે પ્રિયંકાએ આ ફિલ્મ છોડી દીધી. મુંબઈના ભાયખલા મ્યુઝિયમમાં સૈફ સાથે ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે, પરંતુ પ્રિયંકાના સ્થાને અન્ય 2 અભિનેત્રીઓ સાથે વાતચીત ચાલી રહી છે.

**રિતેશ બત્રાની પિરિયડ ડ્રામા માટે વાત ચાલી પણ તારીખોનો મેળ ન પડયો**

## શ્રદ્ધા દાસનો રેડ બોડીકોન લૂકમાં જોવા મળ્યો અંદાજ

### શ્રદ્ધાનો બોડીકોન લૂક ચાહકોને દિવાના બનાવી રહ્યો છે
### શ્રદ્ધા અલગ-અલગ અંદાજમાં પોઝ આપતી જોવા મળે છે

મુંબઈ

એક્ટ્રેસ શ્રદ્ધા દાસ ગ્લેમરસ અંદાજને લઈ સતત ચર્ચામાં રહે છે. હાલમાં અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર બોલ્ડ લૂકમાં તસવીરો શેર કરી છે. રેડ બોડીકોન લૂકમાં શ્રદ્ધા દાસ ખૂબ જ હોટ લાગી રહી છે.

રેડ બોડીકોન લૂકમાં શ્રદ્ધા દાસે પોતાનું બોલ્ડ ફિગર ફ્લોન્ટ કર્યું છે. નવા લૂકમાં શ્રદ્ધા દાસ ખૂબ જ હોટ લાગી રહી છે. શ્રદ્ધા દાસના આ રેડ બોડીકોન લૂક પર ચાહકો ફિદા થયા છે. અભિનેત્રીએ કેમેરાની સામે કાતિલ અંદાજમાં પોઝ આપ્યા છે. શ્રદ્ધા દાસની આ તસવીરો વાયરલ થઈ છે.

આ તસવીરો સોશિયલ મીડિયમાં ખૂબ જ વાયરલ થઈ રહી છે. શ્રદ્ધા દાસનો બોડીકોન લૂક ચાહકોને દિવાના બનાવી રહ્યો છે. અભિનેત્રી શ્રદ્ધા અલગ-અલગ અંદાજમાં પોઝ આપતી જોવા મળે છે.

શ્રદ્ધા દાસે પોતાના શાનદાર અભિનયથી લાખો લોકોનું દિલ જીત્યું છે. શ્રદ્ધા દાસ સોશિયલ મીડિયા પર પોતાની ગ્લેમરસ તસવીરો શેર કરે છે. ચાહકો માટે અવારનવાર હોટ તસવીરો પોસ્ટ કરતી રહે છે. અભિનેત્રી શ્રદ્ધા તેની જોરદાર એક્ટિંગની સાથે સાથે તેની બોલ્ડ સ્ટાઈલ માટે પણ જાણીતી છે. શ્રદ્ધા સાઉથની ફિલ્મોમાં ફેન્સના દિલ જીતી ચૂકી છે, તે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી છે. અભિનેત્રી શ્રદ્ધા તેની જોરદાર એક્ટિંગની સાથે સાથે તેની બોલ્ડ સ્ટાઈલ માટે પણ જાણીતી છે. શ્રદ્ધા સાઉથની ફિલ્મોમાં ફેન્સના દિલ જીતી ચૂકી છે, તે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી છે. નોંધનીય છે કે શ્રદ્ધા દાસ બોલીવૂડમાં હાલ ઓછી જોવા મળે છે તેમજ તે છેલ્લે ઝીદ ફિલ્મમાં જોવા મળી હતી.



## કરીના કપૂર અને શાહિદ કપૂર ગળે મળ્યા, ભૂલ્યા બ્રેક અપનું દર્દ

### ઘણા ફેન્સે હાર્ટની ઈમોજી પણ શેર કરી હતી જે ફિલ્મ 'જબ વી મેટ' અને તેમાંના તેમના પાત્રો 'ગીત' અને 'આદિત્ય'ની યાદ અપાવે છે

મુંબઈ

IIFA (આઈફા) એવોર્ડ્સને લઈને સિનેચાહકોમાં એક વિશેષ ઉત્સાહ જોવા મળે છે. IIFA એવોર્ડ્સનો કાર્યક્રમ 27 ઓક્ટોબરે અબુ ધાબીમાં શરૂ થવા જઈ રહ્યો છે. જોકે, આ આ એવોર્ડ્સ પૂર્વે મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં બોલિવૂડ, ટેલિવિઝન અને દક્ષિણ ભારતીય સિનેમાના જાણીતા કલાકારોએ હાજરી આપી હતી. જેમાં કરીના કપૂર અને તેમના એક્સ બોય ફ્રેન્ડ શાહિદ કપૂર આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. બંને એકબીજાને ગળે મળ્યા હતા. જોકે, મુંબઈમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સલમાન ખાને સ્ટાઈલિશ અંદાજમાં પ્રવેશ કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન કરીના કપૂર અને શાહિદ કપૂર પણ એકબીજાની સામે આવ્યા હતા. જેમાં કરીના બ્લેક આઉટફીટમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. જ્યારે શાહિદ કપૂરે સફેદ સૂટ પહેર્યો હતો. જ્યારે તેઓ સામે ત્યારે બંને હસી પડ્યા અને એકબીજા સાથે વાતચીત કરી હતી.

તેની બાદ કરીનાએ બ્રેક અપનું દર્દ ભૂલીને શાહિદને ગળે પણ લગાવ્યો હતો. તેમને એકસાથે હસતા-ખિલખિલાટ કરતા જોઈને સ્પષ્ટ થાય છે કે તેઓ ભૂતકાળની કડવી યાદોને પાછળ છોડી ચૂક્યા છે. જેના પગલે એક ફેન્સે ટિપ્પણી કરી હતી કે, હું ભાવુક થઈ ગયો, જ્યારે બીજાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે, 'તેઓ આટલા ખુશ કેમ છે ' આ ઉપરાંત કેટલાક ફેન્સે તેમને સાથે જોઈને ખુશી વ્યક્ત કરી તો કેટલાકે કહ્યું કે તેમની વચ્ચેનો એ 'જાદુ' હજુ પણ અકબંધ છે. ઘણા ફેન્સે હાર્ટની ઈમોજી પણ શેર કરી હતી જે ફિલ્મ 'જબ વી મેટ' અને તેમાંના તેમના પાત્રો 'ગીત' અને 'આદિત્ય'ની યાદ અપાવે છે. ભૂતકાળને પાછળ છોડીને એક નવી શરૂઆત કરી ઉલ્લેખનીય છે કે, શાહિદ કપૂર અને કરીના એક સમયે રિલેશનશિપમાં હતા. પરંતુ પાછળથી તેઓ અલગ થઈ ગયા હતા. હવે વર્ષો પછી તેમણે ભૂતકાળને પાછળ છોડીને એક નવી શરૂઆત કરી છે.





## દિલજીત દોસાંજનો દિલ્હી કોન્સર્ટ રદ? પોલીસે મંજૂરી આપવાનો કર્યો ઇનકાર

### 30 ઓક્ટોબરે દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં યોજાવાનો હતો, તેને દિલ્હી પોલીસે સુરક્ષાના કારણોસર મંજૂરી આપવાનો ઇનકાર કર્યો છે

મુંબઈ

દિલ્હીમાં યોજાનાર લોકપ્રિય પંજાબી ગાયક દિલજીત દોસાંજના 'ઓરા ઈન્ડિયા ટૂર'ના કોન્સર્ટને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ગાયક દિલજીત દોસાંજનો કોન્સર્ટ, જે ૩૦ ઓક્ટોબરે દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં યોજાવાનો હતો, તેને દિલ્હી પોલીસે સુરક્ષાના કારણોસર મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે. આ કાર્યક્રમ અને ટિકિટ સંબંધિત વ્યવસ્થાઓ વિશે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. અહેવાલો અનુસાર, ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (દક્ષિણ જિલ્લો)ની કચેરી દ્વારા ટિકિટિંગ પ્લેટફોર્મ 'બુક-માયશો'ને લખવામાં આવેલા એક પત્રમાં જણાવાયું છે કે દિલજીતના 'ઓરા ઈન્ડિયા ટૂર'ના દિલ્હીના કાર્યક્રમ માટેની વિનંતીની તપાસ કરવામાં આવી હતી, પરંતુ તેને મંજૂરી આપી શકાય તેમ નથી. આ પત્રમાં 'ખાસ જોખમ સંબંધિત માહિતી' નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, હાલની તહેવારોની મોસમ દરમિયાન પોલીસની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવાની જવાબદારીઓ તેમ જ અન્ય ચિંતાઓનો પણ તેમાં ઉલ્લેખ છે.

દિલજીતની ટીમ તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર ૩૦ ઓક્ટોબરના કોન્સર્ટનો પ્રચાર કરી રહી છે. દિલજીત દોસાંજે તેની 'ઓરા ટૂર'ના ભારતીય તબક્કાની જાહેરાત કરી હતી, જેની શરૂઆત ૩૦ ઓક્ટોબરે દિલ્હીથી થવાની હતી. આ ભારતીય પ્રવાસમાં ૧ નવેમ્બરે દિલ્હી-એનસીઆરમાં, ૧૫ નવેમ્બરે ઈન્દોરમાં, ૨૧ નવેમ્બરે અમદાવાદમાં, ૨૭ નવેમ્બરે મુંબઈમાં, ૨૯ નવેમ્બરે બેંગલુરુમાં અને ૫ ડિસેમ્બરે લખનૌમાં કાર્યક્રમો યોજાવાના હતા. જોકે, દિલ્હી પોલીસે સુરક્ષાના કારણોસર કોન્સર્ટ માટે મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો હોવાથી, દિલ્હીના આ કાર્યક્રમનું ભવિષ્ય હવે અનિશ્ચિત બની ગયું છે.

## બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચનનો 'જલસા' બંગલો બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, પોલીસ અને સુરક્ષા એજન્સીઓમાં દોડધામ

મુંબઈ

બોલિવૂડના મહાનાયક અને શતાબ્દીના મહાનાયક અમિતાભ બચ્ચનને લઈને એક અત્યંત ચોંકાવનારા અને ખળભળાટ મચાવતા સમાચાર સામે આવ્યા છે. મુંબઈ સ્થિત અમિતાભ બચ્ચનના પ્રખ્યાત બંગલા 'જલસા'ને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતા દેશભરમાં સનસનાટી મચી ગઈ છે. આ ધમકીના પગલે મુંબઈ પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને એન્ટિ ટેરરિસ્ટ સ્કવોડ (ATS) તાત્કાલિક હરકતમાં આવી ગઈ છે અને સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી છે.

મેયરની ઓફિસને મોકલવામાં આવ્યો ધમકીભર્યો ઈમેઈલ મળતી માહિતી મુજબ, મુંબઈના મેયર રીતુ રાજેશ તાવડે અને અન્ય અધિકારીઓને એક અત્યંત જોખમી ધમકીભર્યો ઈમેઈલ પ્રાપ્ત થયો હતો. આ ઈમેઈલમાં માત્ર અમિતાભ બચ્ચનના 'જલસા' બંગલાને જ નહીં, પરંતુ મુંબઈ મહાનગરપાલિકા (BMC) મુખ્યાલય અને મેયર કાર્યાલયને પણ વિસ્ફોટકથી ઉડાવી દેવાની ઘાતક ધમકી આપવામાં આવી છે. આ ઉપરાંત, આગામી સમયમાં મુંબઈમાં યોજાનાર પ્રખ્યાત પંજાબી ગાયક દિલજીત દોસાંઝના સંગીત સમારોહ (કોન્સર્ટ) પર પણ હુમલો કરવાનું ષડયંત્ર હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર, સાયબર ટીમ દ્વારા તપાસ શરૂ આ ધમકી સામે આવ્યા બાદ મુંબઈ પોલીસ વરાથી ત્વરિત પગલાં લેવામાં આવ્યા છે. બંગલાની આસપાસ પોલીસ બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે અને સુરક્ષા એજન્સીઓ દરેક શંકાસ્પદ ગતિવિધિ પર નજર રાખી રહી છે. તો બીજી તરફ, મુંબઈ પોલીસની સાયબર ક્રાઈમ વિંગ આ ઈમેઈલ કયા IP એડ્રેસ પરથી અને કોણે મોકલ્યો છે તેની સઘન તપશ શરૂ કરી દીધી છે. અગાઉ પણ સેલિબ્રિટીઝને આ પ્રકારે ફાઝ અને ધમકીભર્યા સંદેશ મળ્યા હોવાના ઈતિહાસને ધ્યાનમાં રાખીને પોલીસ આ મામલાને અત્યંત ગંભીરતાથી હેન્ડલ કરી રહી છે અને આ કોઈ અસામાજિક તત્વનું કૃત્ય છે કે કોઈ મોટું ષડયંત્ર, તે દિશામાં તપાસનો ધમમાટ તેજ કર્યો છે.



## 114 બોલમાં ફાસ્ટેસ્ટ ડબલ સેન્ચુરી ફટકારી,

# 21 ચોગ્ગા, 10 છગ્ગા, 116 બોલમાં 202 રન: બ્રુકે ગિલનો રેકોર્ડ તોડ્યો

રાવલપિંડી

ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે સૌથી ઝડપી વન-ડે બેવડી સદી ફટકારી છે. તેણે શ્રીલંકા સામેની વન-ડે ટ્રાઈ સિરીઝમાં 116 બોલમાં 202 રન બનાવ્યા. તેની ઈનિંગ્સમાં 21 ચોગ્ગા અને 10 છગ્ગાનો સમાવેશ થાય છે. તે વન-ડેમાં ડબલ સેન્ચુરી ફટકારનાર ઈંગ્લેન્ડના પ્રથમ બેટર બન્યો.



બ્રુકે ગુરુવારે ભારતના શુભમન ગિલનો રેકોર્ડ તોડ્યો. ગિલે આ જ વર્ષે વેસ્ટ ઈન્ડીઝ સામે 117 બોલમાં બેવડી સદી ફટકારી હતી. રાવલપિંડીમાં શ્રીલંકાએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. ઈંગ્લેન્ડે 50 ઓવરમાં 4 વિકેટે 429 રન બનાવ્યા. ટીમનો રન રેટ 8.58 રહ્યો. છેલ્લી 10 ઓવરમાં ઈંગ્લેન્ડે 156 રન બનાવ્યા. વિલ જેક્સે 30 બોલમાં અણનમ 66 રનની ઈનિંગ્સ રમી. વન-ડે ક્રિકેટમાં અત્યાર સુધી 14 બેવડી સદી ફટકારાઈ ચૂકી છે. તેમાં સૌથી વધુ 3 વખત રોહિત શર્માએ આ પરાક્રમ કર્યું છે. પહેલી ડબલ સેન્ચુરી સચિન તેંડુલકરે 2010માં સાઉથ આફ્રિકા સામે ગ્વાલિયરમાં ફટકારી હતી. ઈંગ્લેન્ડના ઓપનર્સ ટોમ બેન્ટન અને બેન ડકેટે પહેલી વિકેટ માટે 74 રનની ભાગીદારી કરી. બેન્ટને 51 બોલમાં 50 રન બનાવ્યા, જેમાં 9 ચોગ્ગા સામેલ હતા. ડકેટ 39 બોલમાં 29 રન બનાવીને આઉટ થયો. ડકેટ આઉટ થયા બાદ જો રૂટ ક્રિઝ પર આવ્યો. તેણે બેન્ટન સાથે મળીને ઇનિંગ્સને આગળ ધપાવી. બેન્ટન 13.2 ઓવરમાં 74ના સ્કોર પર આઉટ થયો, જ્યારે ડકેટની વિકેટ 15.6 ઓવરમાં 85 રન પર પડી. આ પછી રૂટ અને બ્રુકે ત્રીજી વિકેટ માટે 159 રનની ભાગીદારી કરી. રૂટે 66 બોલમાં 69 રન બનાવ્યા, જેમાં 8 ચોગ્ગા સામેલ હતા. તેઓ 37.1 ઓવરમાં 244ના સ્કોર પર આઉટ થયો. છેલ્લી ઓવરમાં દુનિથ લિયાનાગેની બોલ પર બ્રુકે પહેલા છગ્ગો ફટકાર્યો.

### શ્રીલંકાનો વન-ડેમાં બીજો સૌથી મોટો રનચેઝ

રાવલપિંડી

શ્રીલંકાએ વન-ડે ટ્રાઈ સિરીઝમાં ઈંગ્લેન્ડ સામે 429 રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો. આ વન-ડે ક્રિકેટમાં બીજો સૌથી મોટો રનચેઝ છે. ટ્રાઈ સિરીઝમાં ત્રીજી ટીમ યજમાન પાકિસ્તાન છે. જવાબમાં શ્રીલંકાએ 49.5 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. પવન રત્નાયકે 106 બોલમાં 130 રન બનાવ્યા. દાસુન શનાકા અને અસિથા ફર્નાન્ડોએ પણ 97-97 રનની ઈનિંગ્સ રમી. જ્યારે જનિથ લિયાનાગે 27 બોલમાં 61 રન બનાવીને અણનમ રહ્યો. તેણે છગ્ગો ફટકારીને ટીમને જીત અપાવી. પહેલો બોલ: જોશ ટંગના બોલ પર લિયાનાગેએ ડીપ મિડવિકેટ તરફ શોટ રમીને 1 રન લીધો. હવે વેલાલાગે સ્ટ્રાઈક પર હતો. શ્રીલંકાને 5 બોલમાં 7 રન બનાવવાના હતા. બીજો બોલ: દુનિથ વેલ્લાલાગેએ મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ્ડ થયો. સાતમી વિકેટ પડી. ઈશાન મલિંગા બેટિંગ કરવા ઉતર્યા. હવે શ્રીલંકાને 4 બોલમાં 7 રનની જરૂર હતી. ત્રીજો બોલ: મલિંગા પણ બોલ્ડ થઈ ગયો. ટંગે સતત બીજા બોલ પર વિકેટ લીધી. લિયાનાગે હજુ પણ નોન-સ્ટ્રાઈક પર હતો અને શ્રીલંકાને 3 બોલમાં 7 રન બનાવવાના હતા. ચોથો બોલ: અસિથા ફર્નાન્ડોએ થર્ડ મેન તરફ શોટ રમીને 1 રન લીધો. હવે લિયાનાગે ફરી સ્ટ્રાઈક પર આવ્યો. શ્રીલંકાને 2 બોલમાં 6 રનની જરૂર હતી. પાંચમો બોલ: લિયાનાગેએ લોંગ-ઑફની ઉપરથી છગ્ગો ફટકાર્યો અને શ્રીલંકાને ઐતિહાસિક જીત અપાવી.

### ડેબ્યૂ મુકાબલામાં જ એક્શન પર ઉઠ્યા સવાલો

## ડેબ્યૂ મેચમાં ફસાઈ ગયો બાંગ્લાદેશી સ્પિનર, ICC એ શંકાસ્પદ એક્શન સામે તપાસનો આદેશ કર્યો

નવી દિલ્હી

બાંગ્લાદેશના 29 વર્ષીય ઓફ-સ્પિનર એલિસ અલ ઈસ્લામની વનડે ઈન્ટરનેશનલ કારકિર્દી શરૂ થતાંની સાથે જ ગંભીર વિવાદમાં ઘેરાઈ ગઈ છે. શારજાહ ખાતે અફઘાનિસ્તાન સામે રમાયેલી ટ્રાઈ-સીરિઝની મેચમાં વનડે ડેબ્યૂ કરનારા એલિસની બોલિંગ એક્શન સામે મેચ ઓફિશિયલ્સે શંકા વ્યક્ત કરી છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા હવે તેના માન્યતા પ્રાપ્ત ટેસ્ટિંગ સેન્ટરમાં એલિસની બોલિંગ એક્શનની સ્વતંત્ર તપાસ કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. એલિસ અલ ઈસ્લામે 21 ઓક્ટોબરના રોજ અફઘાનિસ્તાન સામે પોતાની પ્રથમ વનડે મેચ રમી હતી. આ મુકાબલામાં તેણે 8.3 ઓવરમાં 47 રન આપ્યા હતા, પરંતુ તેને એક પણ વિકેટ મળી શકી નહોતી.

અફઘાનિસ્તાન સામે બાંગ્લાદેશની સાત વિકેટે હાર થઈ હતી, જે ઝિમ્બાબ્વે સામેની હાર બાદ ટ્રાઈ-સીરિઝમાં ટીમની સતત બીજી હાર હતી. ટીમની આ નિરાશાજનક સ્થિતિ વચ્ચે અમ્પાયર્સ અને મેચ રેફરીએ એલિસ દ્વારા બોલ ફેંકતી વખતે કોણી સીધી થવા અંગે પ્રશ્નો ઉઠાવતા આઈસીસીને શંકાસ્પદ એક્શનનો રિપોર્ટ સોંપ્યો હતો. આઈસીસીના નિયમો અનુસાર બોલિંગ કરતી વખતે બોલ રીલિઝ થવા સુધી બોલરની કોણી 15 ડિગ્રીથી વધુ સીધી થવી જોઈએ નહીં. એલિસ અલ ઈસ્લામની બોલિંગનું મૂલ્યાંકન આઈસીસી માન્યતા પ્રાપ્ત ટેસ્ટિંગ સેન્ટરમાં હાઈ-સ્પીડ કેમેરા, 3D મોશન સેન્સર્સ અને ખાસ સોફ્ટવેરની મદદથી કરવામાં આવશે.

જોકે, માત્ર શંકાસ્પદ એક્શનનો રિપોર્ટ થવાનો અર્થ એવો નથી કે ખેલાડી દોષિત સાબિત થઈ ગયો છે. જ્યાં સુધી લેબ ટેસ્ટિંગનો અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી એલિસ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બોલિંગ કરવાનું ચાલુ રાખી શકશે.

# પરવિંદર અવાના BCCI જુનિયર સિલેક્શન કમિટીના ચેરમેન બન્યા

### ફર્સ્ટ ક્લાસમાં 191 વિકેટ લીધી; ગુજરાત-બરોડા તરફથી રમનારા રાકેશ પટેલનું પણ નામ

મુંબઈ

BCCIએ શુક્રવારે પૂર્વ ભારતીય ઝડપી બોલર પરવિંદર અવાનાને જુનિયર પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. ક્રિકેટ એડવાઇઝરી કમિટીએ ઈન્ટરવ્યૂ પ્રક્રિયા બાદ તેમના નામની ભલામણ કરી હતી.

તેમના ઉપરાંત અન્ય 3 સભ્યોને પણ સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે. પાંચમા સભ્યની નિયુક્તિ ટૂંક સમયમાં કરવામાં આવશે.

અવાના અધ્યક્ષ બનવાનું મુખ્ય કારણ

અવાનાને કોચિંગ અને ટીમ મેનેજમેન્ટ સાથે કામ કરવાનો અનુભવ છે. તેમણે દિલ્હીની અંડર-16, અંડર-19 અને અંડર-23 ટીમો સાથે કામ કર્યું છે.

આ ઉપરાંત તેઓ ઈન્ડિયા અંડર-19 અને BCCI/સેન્ટર ઑફ એક્સેલન્સ (COE)ના હાઈ-પરફોર્મન્સ પ્રોગ્રામનો પણ ભાગ રહી ચૂક્યા છે.

અવાના ભારતના સ્થાનિક ક્રિકેટને પણ ખેલાડી તરીકે સારી રીતે સમજે છે. તેમણે 62 ફર્સ્ટ ક્લાસ મેચોમાં 191 વિકેટ ઝડપી છે. તેઓ સ્થાનિક ક્રિકેટમાં દિલ્હી, ઈન્ડિયા-A અને રેસ્ટ ઑફ ઈન્ડિયા તરફથી પણ રમી ચૂક્યા છે. IPLમાં તેઓ કિંગ્સ ઈલેવન પંજાબનો પણ ભાગ રહ્યા હતા. જોકે ભારત માટે તેઓ માત્ર 2 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા છે.



કૃષ્ણા દાસ: આસામ અને ગોવાના ભૂતપૂર્વ ઝડપી બોલર દાસે 49 ફર્સ્ટ ક્લાસ મેચોમાં 166 વિકેટ ઝડપી હતી. તેઓ ભારતની અંડર-19 અને ઈન્ડિયા-A ટીમનો ભાગ રહ્યા હતા. બાદમાં તેમણે ઈન્ડિયા અંડર-19ના બોલિંગ કોચ અને ઉત્તરાખંડ રણજી ટીમના બોલિંગ કોચની જવાબદારી સંભાળી હતી.

રાકેશ પટેલ: ગુજરાત અને બરોડા તરફથી રમનારા પટેલ ઈન્ડિયા-A ઉપરાંત દિલીપ ટ્રોફી, દેવધર ટ્રોફી અને ઈરાની ટ્રોફીમાં પણ રમી ચૂક્યા છે. તેમણે ગુજરાત અને બરોડાની અંડર-19, અંડર-23 અને સિનિયર ટીમો સાથે કોચ તરીકે કામ કર્યું હતું. તેઓ 2025-26ની સીઝનમાં બરોડા અંડર-23 ટીમના હેડ કોચ હતા.

અર્જુન યાદવ: હૈદરાબાદના ભૂતપૂર્વ ખેલાડી અર્જુન યાદવે પોતાની કારકિર્દીમાં 83 ફર્સ્ટ ક્લાસ મેચ રમી હતી. તેઓ 2000માં અંડર-19 વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો ભાગ હતા. નિવૃત્તિ બાદ તેમણે હૈદરાબાદની સિનિયર અને અંડર-23 ટીમોના હેડ કોચની ભૂમિકા નિભાવી હતી.



### સરકારની છૂટ છતાં સાકરની આયાત કરવામાં ટ્રેડરો ઉદાસીન

# ડ્યૂટી ફ્રી ખાંડની આયાત માટેની મુદત બે મહિના લંબાવી 31 ડિસેમ્બર સુધી કરાઇ

મુંબઈ

મુંબઈ : ડ્યૂટી ફ્રી ખાંડની આયાત માટેની મુદત બે મહિના લંબાવીને ૩૧ ડિસેમ્બર સુધી કરવામાં આવી છે. દેશમાં તહેવારો દરમિયાન ખાંડનો પૂરવઠો જાળવી રાખવા અને ભાવને અંકૂશમાં લેવા સરકારે દસ લાખ ટન ખાંડની ડ્યૂટી ફ્રી આયાતની છૂટ આપી છે.

આ છૂટ વીસ ઓગસ્ટના જારી કરાયેલા એક નોટિફિકેશન મારફત અપાઈ હતી અને તેની મુદત ૩૧ ઓક્ટોબરના સમાપ્ત થઈ રહી હતી.

સરકારની આ છૂટ છતાં સદર સ્કીમ હેઠળ માત્ર ત્રણ લાખ ટન ખાંડ જ આયાત થઈ હોવાનું



જણાતા મુદત લંબાવવાનો નિર્ણય આવી પડયો હોવાનું માનવામાં આવે છે.

છેલ્લા દસ દિવસમાં ઘરઆંગણે ખાંડના ક્વિન્ટલ દીઠ ભાવમાં રૂપિયા ૧૦૦૦નો વધારો થયો છે.

ઘરઆંગણે ખાંડના ભાવ અંકૂશમાં રાખવા સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંને પરિણામે ભાવ હાલમાં નીચે ગયા છે. આવી સ્થિતિમાં ટ્રેડરોને ખાંડની આયાત કરવાનું વ્યવહારુ જણાતું નથી કારણ કે આયાતી ખાંડ મોંઘી પડી શકે છે.

૨૦૨૬-૨૭ની ઓકટોબરથી સપ્ટેમ્બરની ખાંડ મોસમ માં ભારતમાં ઉત્પાદન ત્રણથી ચાર લાખ ટન નીચુ રહેવાની શકયતા છે. મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં પાછોતરો વરસાદ સામાન્ય કરતા નીચો રહ્યો છેજેને પરિણામે જળાશયોમાંથી શેરડીના પાકને પાણી પૂરવઠો મર્યાદિત જોવા મળી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનિય છે કે વર્તમાન વર્ષમાં અલ નિનોને કારણે શેરડીના ઉત્પાદન પર અસરને ધ્યાનમાં રાખી સરકારે જાહેર ક્ષેત્રના ઉપક્રમોને ખાંડમાંથી ઉત્પાદિત થયેલા ઈથેનોલ ખરીદવા માટે ટેન્ડર જારી કરવાથી દૂર રહેવા સૂચના આપી છે.

### સોનું પણ ₹4,978 ઘટ્યું

# ચાંદી 10 મહિના બાદ ₹2 લાખથી નીચે આવી: 4 દિવસમાં ચાંદી ₹15,891 સસ્તી થઇ

### સોના અને ચાંદીની કિંમતમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે

મુંબઈ

ફેસ્ટિવ સીઝનમાં સોનું-ચાંદી ખરીદનારાઓ માટે સારા સમાચાર છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીના ભાવમાં 4,750 રૂપિયાનો ઘટાડો થતાં તે 1.95 લાખ રૂપિયા પર આવી ગઈ છે, જે ગુરુવારે 2 લાખ રૂપિયા હતી. લગભગ 10 મહિના બાદ ચાંદી ફરી 2 લાખ રૂપિયાથી નીચે આવી ગઈ છે. આ પહેલાં 17 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીના ભાવ પહેલી વખત 2 લાખ રૂપિયાને પાર ગયા હતા. બીજી તરફ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,246 રૂપિયા ઘટીને 1.41 લાખ રૂપિયા પર આવી ગયું છે. આ પહેલાં 22 ઓક્ટોબરે તેનો ભાવ 1.43 લાખ રૂપિયા હતો. છેલ્લા 4 દિવસથી સતત ઘટાડાને કારણે સોનું 4,978 રૂપિયા સસ્તું થઈ ગયું છે, જ્યારે ચાંદીના ભાવમાં



15,891 રૂપિયાનો ઘટાડો થયો છે. 16 ઓક્ટોબરે સોનાની કિંમત 1.46 લાખ રૂપિયા અને ચાંદીની કિંમત 2.10 લાખ રૂપિયા હતી. ટ્રાન્સપોર્ટ અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધે તેમ ભાવ વધે છે. ખરીદીનું પ્રમાણ: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) હોવાના કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે દર નક્કી કરે છે.

જૂનો સ્ટોક અને ખરીદી કિંમત: જ્વેલર્સે જે દરે ખરીદી કરી હોય તે નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કઈ કિંમતે વેચશે. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ 2.30 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 3.86 લાખ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયો હતો. ત્યારથી અત્યાર સુધીમાં ચાંદી 1.85 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે.

બીજી તરફ, 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયો હતો. ત્યારથી અત્યાર સુધીમાં સોનું 35 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. સર્ટિફાઈડ સોનું જ ખરીદો: હંમેશાં બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ પ્રકારનો હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી જાણવા મળે છે કે સોનું કેટલા કેરેટનું છે.

### પશ્ચિમ એશિયાના યુદ્ધને પરિણામે નીચા વોલ્યુમે પણ આયાત બિલ ઊંચુ

# સપ્ટેમ્બરમાં દેશનું ક્રુડ આયાત બિલ 47 ટકા વધી 15.40 અબજ ડોલર રહ્યું

મુંબઈ

ક્રુડ તેલના ભાવમાં ઉછાળાને પરિણામે સપ્ટેમ્બરમાં ભારતનું ક્રુડ ઓઈલઆયાત બિલ વાર્ષિક ધોરણે ૪૭ ટકા વધી ૧૫.૪૦ અબજ ડોલર રહ્યાનું પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટામાં જણાવાયું છે. પશ્ચિમ એશિયામાં તંગદિલી વધવાને કારણે ક્રુડ તેલના ભાવ ફરી ઊંચે ગયા છે.

વોલ્યુમની દ્રષ્ટિએ સપ્ટેમ્બરમાં આયાત સાત ટકા વધી ૨.૧૭ કરોડ ટન રહી છે જે ૨૦૨૫ના સપ્ટેમ્બરમાં ૨.૦૩ કરોડ ટન જોવા મળી હતી. સપ્ટેમ્બરમાં ભારતને ક્રુડ તેલની સરેરાશ આયાત કિંમત ૧૧૬.૦૯ ડોલર પ્રતિ બેરલ પડી હતી જે ગયા વર્ષના સપ્ટેમ્બરમાં ૬૯.૬૧ ડોલર રહી હતી. એપ્રિલથી સપ્ટેમ્બરના




ગાળાનું આયાત બિલ ૪૬.૪૦ ટકા વધી ૯૦.૬૦ અબજ ડોલર રહ્યું છે. ભારતની આયાતમાં ક્રુડ તેલ ટોચના ક્રમે રહે છે. દેશના માલસામાનના એકંદર આયાત બિલમાં ક્રુડનો હિસ્સો વીસ ટકા જેટલો રહે છે. વર્તમાન કટોકટીને ધ્યાનમાં રાખી ભારતે ઊંચા ભાવે પણ તેલ ખરીદવાનું ચાલુ રાખ્યુ છે જેથી ઘરઆંગણે ઉપલબ્ધતા જળવાઈ રહે. હોર્મુઝ ખાડી મારફત અવરજવર કરતા જહાજોના ટ્રાફિકમાં પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે ખલેલ પડતા તાજેતરના સમયમાં ક્રુડ તેલના ભાવમાં ફરી ઉછાળો આવ્યો છે. સપ્ટેમ્બરમાં પણ રશિયા ભારતનું ક્રુડ તેલનું મોટું પૂરવઠેદાર જળવાઈ રહ્યું હતું. ક્રુડની કુલ આયાતમાં ૩૫ ટકા હિસ્સો રશિયન ઓઈલનો રહ્યો હતો, એમ રિસર્ચ પેઢી કેપ્લરના ડેટામાં જણાવાયું હતું. ભારતને ક્રુડ તેલનો પૂરવઠો કરનારા ટોચના પાંચ દેશોમાં રશિયા ઉપરાંત ઈરાક, સાઉદી અરેબિયા, યુએઈ તથા કુવૈતનો સમાવેશ થાય છે.

# JIO 1 કરોડ અરજીઓ પાર કરનાર વિશ્વનો પહેલો IPO

- 20 ગણાથી વધુ બોલીઓ મળી
- 20%થી વધુનું વળતર મળી શકે છે

મુંબઈ

જિયો પ્લેટફોર્મ્સ 1 કરોડ અરજીઓ પાર કરનાર દુનિયાનો પ્રથમ IPO બની ગયો છે. આ પહેલાં આ રેકોર્ડ ભારતની જ વારી એનર્જીઝ લિમિટેડના નામે હતો, જેના IPOને લગભગ 97 લાખ અરજીઓ મળી હતી. આ દેશનો સૌથી મોટો IPO પણ છે. 21 ઑક્ટોબરે ખુલેલા આ




IPOમાં સબ્સ્ક્રિપ્શન માટે આજે ત્રીજો અને અંતિમ દિવસ છે. અત્યાર સુધીમાં તે 20 ગણો ભરાઈ ચૂક્યો છે. સંસ્થાકીય રોકાણકારોનો કોટા 55 ગણો અને રિટેલ પોર્શન 2.69 ગણો સબ્સ્ક્રાઈબ થઈ ચૂક્યો છે.

પહેલા દિવસે ઈશ્યૂ 3 ગણાથી વધુ ભરાયો હતો IPO પહેલા જ દિવસે એટલે કે 21 ઑક્ટોબરે 3.02 ગણું ભરાઈ ગયું હતું. 19.75 કરોડ શેરની સામે 59.68 કરોડ શેર માટેની માંગ આવી હતી. બીજા દિવસે શરૂઆતમાં સંસ્થાકીય રોકાણકારોની ભારે બિડિંગને કારણે આ આંકડો 3.50 ગણાથી વધુ પહોંચી ગયો.

# દિવાળી પહેલાં CNGનો મોંઘવારીનો ઝટકો: અદાણી ગેસ પ્રતિ કિલો રૂ.98.47એ પહોંચ્યો

## અમદાવાદના રિક્ષાચાલકોમાં રોષ : "રોજના રૂ. 200થી 300 કમાઈએ છીએ, હવે મીઠાઈ-ફટાકડા પણ કેમ લઈએ?"



અમદાવાદ

દિવાળીના તહેવાર પહેલાં જ અદાણી CNGના ભાવમાં પ્રતિ કિલો રૂ. 4.45નો વધારો થતાં અમદાવાદના રિક્ષાચાલકો પર આર્થિક બોજ વધ્યો છે. અગાઉ રૂ. 94.02ની આસપાસ રહેલો પ્રતિ કિલો ભાવ વધીને રૂ. 98.47 થયો છે. સતત વધતા ગેસના ભાવને કારણે રોજિંદી કમાણીમાંથી ઘરખર્ચ ચલાવતા રિક્ષાચાલકોની મુશ્કેલીઓ વધી છે. અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયને આ ભાવવધારા સામે વિરોધ નોંધાવી ગેસના ભાવ ઘટાડવાની માગ કરી છે.

રિક્ષાચાલકોના જણાવ્યા મુજબ, ઓગસ્ટ 2026માં પણ CNGના ભાવમાં પ્રતિ કિલો આશરે રૂ. 4નો વધારો કરવામાં આવ્યો હતો. હવે ફરી રૂ. 4.45નો વધારો થતાં ગેસનો ભાવ રૂ. 100ની નજીક પહોંચી ગયો છે. તહેવારો દરમિયાન કપડાં, મીઠાઈ અને ફટાકડાં ખરીદવાની આશા રાખતા પરિવારો માટે આ વધારો ચિંતાજનક બન્યો છે.

રિક્ષાચાલક છનાભાઈ નાયકે જણાવ્યું હતું કે રોજના રૂ. 200થી 300ની કમાણીમાંથી ગેસનો ખર્ચ અને ઘરખર્ચ કાઢવો મુશ્કેલ બની રહ્યો છે. ગેસના ભાવમાં વધારો થતાં પરિવાર માટે દિવાળીની ખરીદી કરવી પણ મુશ્કેલ બનશે.

રિક્ષાચાલક જયંતીભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે CNGના ભાવમાં વારંવાર વધારો થાય છે, પરંતુ રિક્ષાભાડામાં તે પ્રમાણમાં વધારો કરવો સરળ નથી. ભાડું વધારવામાં આવે તો મુસાફરો રિક્ષામાં બેસવા તૈયાર થતા નથી. પરિણામે ગેસનો વધારાનો ખર્ચ રિક્ષાચાલકોએ પોતાની કમાણીમાંથી જ સહન કરવો પડે છે. તેમણે સરકારને રિક્ષાચાલકોને રાહત આપવા અને CNGના ભાવ ઘટાડવા અપીલ કરી હતી.

### યુનિયનની માગ: ભાડું નહીં, ગેસના ભાવ ઘટાડો ~

અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ ભાવવધારાનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે રિક્ષાચાલકો રોજ કમાઈને રોજ ગુજરાન ચલાવે છે. ગેસનો ભાવ રૂ. 100ની નજીક પહોંચતાં તેમની આવક પર સીધી અસર પડે છે. યુનિયનની માગણી રિક્ષાભાડું વધારવાની નહીં, પરંતુ CNGના ભાવ ઘટાડવાની છે. અગાઉ પણ ભાવવધારા સામે રિક્ષાચાલકોએ વિરોધ નોંધાવ્યો હતો. ભાડામાં વધારો અને ઓનલાઈન એપ આધારિત સવારીના દર અંગે પણ અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### કંપનીએ વૈશ્વિક બજાર અને ગેસની અછતને જવાબદાર ગણાવી ~

ATGLના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, વૈશ્વિક ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિ, સ્થાનિક ગેસની ઓછી ઉપલબ્ધતા અને પુરવઠામાં ઘટાડાને કારણે ગેસ ખરીદીનો ખર્ચ વધ્યો છે. કંપનીએ જણાવ્યું કે સસ્તા સ્થાનિક ગેસની ફાળવણીમાં ઘટાડો, નવા કૂવાના ગેસની ઓછી ઉપલબ્ધતા અને આંતરરાષ્ટ્રીય બજારમાં LNGના ઊંચા ભાવને કારણે CNGના ભાવમાં ફેરફાર કરવો પડ્યો છે. કંપનીના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરી 2026માં સ્પોટ LNGના ભાવ આશરે 10થી 12 ડોલર પ્રતિ MMBtu હતા, જે વધીને આશરે 30 ડોલર સુધી પહોંચ્યા છે.

## સંક્ષીપ્ત સમાચાર

### ચાંગોદરમાંથી રૂ.99 હજારની કિંમતની 600 બોટલ નશાકારક કફ સીરપ સાથે ત્રણ કુખ્યાત શખ્સો ઝડપાયા!

અમદાવાદ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં યુવાધનને બરબાદ કરવા માટે સક્રિય થયેલા નશાના સોદાગરો વિરુદ્ધ અમદાવાદ પોલીસની એન્ટી નાર્કોટિક્સ વિંગ (ANW) દ્વારા અત્યંત આક્રમક, ઘાતક અને સપાટો બોલાવતી કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદના સંવેદનશીલ અને ઔદ્યોગિક હબ ગણાતા ચાંગોદર વિસ્તારમાંથી પોલીસની ટીમે બાતમીના આધારે દરોડા પાડીને પ્રતિબંધિત અને નશાકારક કફ સીરપની હાઈ-પ્રોફાઈલ હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ રેડ દરમિયાન અંદાજે રૂપિયા ૯૯,૦૦૦ ની કિંમતની ૬૦૦ બોટલ નશાકારક કફ સીરપ કબ્જે કરી છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ એન્ટી નાર્કોટિક્સ વિંગની ટીમ ચાંગોદર વિસ્તારમાં પેટ્રોલિંગ અને વોચમાં હતી, તે દરમિયાન બાતમીદારો દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે નશાકારક સિરપનો મોટો જથ્થો વાહનમાં વહીવટ કરી રહ્યા છે. આ બાતમીને આધારે પોલીસે ચાંગોદર વિસ્તારમાં ઘેરાબંધી કરીને વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી એક ઈકો ગાડીને અટકાવીને તલાશી લીધી હતી.

### અમદાવાદ મ્યુનિસિપાલિટીના 7 ઝોનલ સિવિક સેન્ટરો હવે સપ્તાહના સાતેય દિવસ ચાલુ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાત જોનના સિવિક સેન્ટરો હવેથી સપ્તાહના સાતેય દિવસ ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે. એટલે કે રજાના દિવસે પણ લોકોને મ્યુનિસિપલની મુખ્ય તમામ સેવાઓ જોનલ સિવિક સેન્ટરો પરથી મળી રહેશે. સરકારી કચેરીઓની કોઈ પણ ઓફલાઈન કામગીરી સામાન્ય રીતે કામકાજના દિવસો દરમિયાન જ ચાલતી હોય છે. તેના માટે લોકોએ પોતાના નોકરી-ધંધામાંથી સમય કાઢવો પડે છે. આ બાબતને ધ્યાને લઈને હવે અમદાવાદ મ્યુનિસિપલના સાત ઝોન મુજબના સિવિક સેન્ટરો બીજા અને ચોથા શનિવાર તથા દરેક રવિવારની રજાના દિવસે પણ સવારે 9થી બપોરે 4:30 વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે. જ્યાં લોકોને ટેક્સ, જન્મ-મરણના દાખલા, હોલ બુકિંગ સહિતની મહત્ત્વની સેવાઓ મળી રહેશે. સૂત્રોના જણાવ્યાનુસાર સિવિક સેન્ટરોમાં વિવિધ કામ માટે દરરોજ આશરે 10થી 12 હજાર શહેરીજનો આવતા હોય છે.

### પૈસાની લેતી દેતીમાં આવુ પણ થાય! અમદાવાદમાં ઘર સામે પડેલું સ્કૂટર સળગાવી નાખ્યું

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં પૈસાની લેતીદેતીની જૂની અદાવત રાખી એક યુવકે તેના જ મિત્રના ઘર આગળ પાર્ક કરેલા ટુ-વ્હીલરમાં આગ લગાવી દીધી હોવાની ઘટના સામે આવી છે. રાત્રિના દોઢ વાગ્યાની આસપાસ વાહનમાં લાગેલી આગ જોઈને પરિવાર અને આસપાસના રહીશોએ તાત્કાલિક પાણી છાંટી આગ કાબૂમાં લીધી હતી.

આ મામલે યુવકના કાકાએ વાહન સળગાવીને ભાગી રહેલા આરોપી સામે બાપુનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.બાપુનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ, સોમનાથ મંદિર પાસે રહેતા અને પ્લાસ્ટિક કંપનીઓમાં માર્કેટિંગનું કામ કરતા 44 વર્ષીય પ્રવીણ રાઈકુવડે નોંધાવેલી ફરિયાદ મુજબ, મકાનના નીચેના માળે તેના મોટાભાઈ હિતેન્દ્રના પત્ની, પુત્ર જય અને પુત્રી વંશિકા રહે છે. પ્રવીણે તેના ભત્રીજા જયને મોપેડ ખરીદી આપ્યું હતું, જેનો ઉપયોગ જય કરતો હતો. 21 ઓક્ટોબરના રોજ સાંજે 6 વાગ્યે જય પોતાનું મોપેડ ઘર આગળ પાર્ક કરીને તેના મિત્રને મળવા ચંદીગઢ જવા નીકળ્યો હતો. આ દરમિયાન રાત્રે દોઢ વાગ્યાની આસપાસ પ્રવીણ પાણી પીવા માટે ઊભા થઈ બહાર આવ્યા, ત્યારે ઘર આગળ પાર્ક કરેલા એક્સેસમાં આગ લાગેલી જોવા મળી હતી.

### 'તુ અમારી વચ્ચે કેમ પડે છે...' વટવાના ચાર માળિયામાં સાળા પર બનેવીએ છરીના ઘા ઝીંક્યા

વટવાના ઈન્સાનિયતનગર ચાર માળિયામાં બહેન અને બનેવી વચ્ચે થતા ઝઘડામાં વચ્ચે પડીને સમજાવટ કરનાર સાળા પર બનેવીએ ઉશ્કેરાઈને છરી વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. 22 તારીખે સાંજના સમયે વટવામાં બનેલી આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા 24 વર્ષીય સાળાને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ મામલે વટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વટવાના ઈન્સાનિયતનગર ચાર માળિયામાં રહેતા અને છૂટક મજૂરી કરતા 24 વર્ષીય ગગન ઉર્ફે માયા નારણભાઈ કાનજીભાઈના બહેન આશાબેન (ઉં.વ. 35) ના પતિનું ચારેક વર્ષ પહેલાં અવસાન થયું હતું. ત્યારબાદ આશાબેને ઈન્સાનિયતનગર ચાર માળિયામાં રહેતા શાહબાઝ ઉર્ફે બોબડો સાઓ અનવરખાન પઠાણ (ઉં.વ. 30) સાથે પુનઃલગ્ન કર્યા હતા. 22 ઓક્ટોબર ના રોજ સાંજે સાડા ચાર વાગ્યાની આસપાસ શાહબાઝ અને આશાબેન વચ્ચે બ્લોકની નીચે ઝઘડો અને બોલાચાલી થઈ રહ્યા હતા. આથી ગગન ત્યાં પહોંચ્યો હતો અને બંનેને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.

## અમદાવાદ ઉત્તરમાં હૃદયદ્રાવક ઘટના: 2 લાખનો પગાર ધરાવતા IT મેનેજર પતિની હેવાનિયત..!!!

### 4 માસની ગર્ભવતી પત્ની પાસે ઘરખર્ચ માટે માંગ્યા 40 હજાર!

અમદાવાદ, સમીર પટેલ

શિક્ષિત, આર્થિક રીતે અત્યંત સધ્ધર અને હાઈપ્રોફાઈલ પરિવારોમાં હવે સંસ્કારો ઓગળી રહ્યા છે અને પૈસાની લાલસા માનવતાને પણ શરમમાં મૂકી રહી છે. અમદાવાદ શહેરના ઉત્તર વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારો અને હૃદયદ્રાવક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેણે આધુનિક સમાજની માનસિકતા પર સવાલો ખડા કરી દીધા છે. એક પ્રાઈવેટ IT કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા અને દર મહિને તોતિંગ બે લાખ રૂપિયાનો પગાર મેળવતા પતિએ પોતાની જ IT ક્ષેત્રમાં નોકરી કરતી અને ચાર મહિનાની ગર્ભવતી પત્ની પાસે ઘરખર્ચ પેટે દર મહિને ૪૦ હજાર રૂપિયાની માંગણી કરીને હદ વટાવી દીધી છે.

પૈસાના ભૂખ્યા આ કળિયુગી પતિનો ત્રાસ એટલો હદે વધી ગયો હતો કે, અસહાય અને ગર્ભવતી બનેલી પત્નીએ આખરે 'અભયમ' મહિલા હેલ્પલાઇન (૧૮૧) ની મદદ લેવાની ફરજ પડી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, પીડિત મહિલા અને આરોપી IT મેનેજર પતિના લગ્નને હજુ માંડ ત્રણ જ વર્ષ થયા છે. લગ્નજીવનની ગાડી યોગ્ય રીતે ચાલે અને નવું ઘર વસાવી શકાય તે માટે પત્નીએ પોતાની અંગત બચતમાંથી ૨૫ લાખ રૂપિયા રોક્યા હતા. છતાં પણ લોભીયા પતિ અને સાસુની ભૂખ સંતોષાઈ નહોતી. પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે મહિલાના પિતા–જેઓ નિવૃત્ત મેજિસ્ટ્રેટ (Retrieved Magistrate) હતા–તેમનું અવસાન થયું. પિતાના અવસાન બાદ પીડિતાના માથેથી પિતાનો છાંયો હટી જતાં જ આ અત્યાચારી પતિ અને સાસુનો ત્રાસ બેફામ રીતે વધી ગયો.

પતિ પોતાની લાખોની કમાણી હોવા છતાં ઘરનો સામાન્ય ખર્ચ કે ઘરમાં કામ કરતી કામવાળી બાઈનો પગાર પણ પત્નીના જ પગારમાંથી જબરદસ્તીથી કઢાવતો હતો. ચાર મહિનાની ગર્ભવતી હોવા છતાં આ હવસી અને પૈસાના લોભી પતિને પત્નીની સ્વાસ્થ્ય કે તેની માનસિક સ્થિતિની જરાય દરકાર નહોતી.

## રોડ ક્રોસ કરતાં આધેડને ટુ-વ્હીલર ચાલકે અડફેટે લીધા

અમદાવાદ

અમદાવાદના મેમ્કો રાજીવ ગાંધી ભવન નજીક આવેલા બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે રોડ ક્રોસ કરી રહેલ આધેડને પુરઝડપે આવી રહેલ ટુ વહીલર ચાલકે અડફેટે લેતા 10 ફૂટ જેટલા ફંગોળાઈને રોડ પર પટકાતા ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. આધેડ નોકરી પરથી ઘરે જતા અકસ્માત થયો હતો. સમગ્ર ઘટનાના સીસીટીવી વાઈરલ થતા ટ્રાફિક પોલીસે ટુ વહીલર ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. નવા નરોડાના બાપાસિતારામ ચોક પાસે રહેતા હર્ષ બારાપાત્રે ઓઢવ ખાતે નોકરી કરે છે. તેમના 52 વર્ષીય પિતા હેમંતકુમાર તુકારામ બારાપાત્રે રાયપુર ખાતે આવેલી અંકુર મિલમાં કાપડના કારખાનામાં કામ કરે છે. ગત 21 ઓક્ટોબરે સાંજે હેમંતકુમાર નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે મેમ્કો રાજીવ ગાંધી ભવન બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે સમયે પુરઝડપે આવી રહેલ અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે હેમંતકુમારને ટક્કર મારી દીધી હતી.

### પ્રજાના કરોડો રૂપિયા પાણીમાં

## અમદાવાદમાં AMCનું 'પેચવર્ક કૌભાંડ': રોડના થીગડાં એક જ દિવસમાં ઉખડી ગયા

અમદાવાદ

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના બિસ્માર અને ખડ્ડાથી ભરેલા રસ્તાઓ પર પેચવર્ક કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી છે. જોકે, તહેવારો પહેલા રોડ સુધારવાના નામે ચાલતી આ કામગીરી માત્ર 'વેઠ ઉતારવા' જેવી અને કરોડો રૂપિયાનો ધુમાડો કરવા સમાન હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. નવા રસ્તા બનાવવા કરતાં બમણા ખર્ચે થતા આ પેચવર્કના થીગડાં કામગીરીના માત્ર ૨૪ કલાકમાં જ ઉખડી જતાં AMC તંત્ર અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત સામે લોકારોષનો જ્વાળાબુખી ફાટી નીકળ્યો છે. અમદાવાદના અનેક વિસ્તારોમાં રોડ રિપેરિંગની પરંપરાગત અને ટેકનિકલ પ્રક્રિયાને સંપૂર્ણપણે કોરાણે મૂકી દેવામાં આવી છે. રોડ એન્જિનિયરિંગના નિયમો મુજબ ખાડા પૂરતા પહેલા યોગ્ય સફાઈ અને પ્રાઈમર કોટ કરવો જરૂરી હોય છે, પરંતુ કોન્ટ્રાક્ટરો દ્વારા સીધા મેટલ (કંકર) પર ડામર પાથરી દેવામાં આવી રહ્યો છે. કોઈ જ ગુણવત્તા વગર માત્ર ઉપરછલ્લું કામ કરીને



બિલ બનાવી લેવાનું આ મોટું કૌભાંડ ચાલી રહ્યું છે, જેના કારણે રોડ પરનું ડામર કામ એક જ દિવસમાં ઉખડીને પાવડર બની રહ્યું છે. શહેરના જાગૃત નાગરિકો અને વિપક્ષ દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યો છે કે નવા રોડ બનાવવા પાછળ જે ખર્ચ થાય છે તેના કરતાં બમણા ખર્ચે આ પેચવર્ક કામગીરી કાગળ પર દર્શાવવામાં આવે છે. દર વર્ષે ચોમાસા પછી અને દિવાળી પહેલા રોડ રિપેરિંગના નામે કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે, પરંતુ આ કરોડો રૂપિયા પ્રજાના ખિસ્સામાંથી સીધા ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની તિજોરીમાં જઈ રહ્યા છે.

### સોસાયટીમાં ઘૂસીને દાદાગીરીનો નંગો નાચ

## વૈષ્ણોદેવી સર્કલ પાસે શ્રી બાલાજી વિન્ડ પાર્કના ખજાનચી પર ઘાતક હુમલો

અમદાવાદ

શહેરમાં હવે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી ઘટનાઓ સામાન્ય બનતી જાય છે. સામાન્ય નાગરિકો તો ઠીક, પરંતુ હવે સુરક્ષિત ગણાતી હાઈપ્રોફાઈલ સોસાયટીઓમાં પણ લુખ્ખા તત્વો બેફામ બનીને આંતક મચાવી રહ્યા છે. અમદાવાદના પોશ અને વ્યસ્ત વૈષ્ણોદેવી સર્કલ વિસ્તારમાં આવેલી જાણીતી સોસાયટી 'શ્રી બાલાજી વિન્ડ પાર્ક' (Shri Balaji Wind Park) માં ઘૂસીને સોસાયટીના ખજાનચી પર લાકડીઓ અને ધોકા વડે ઘાતક હુમલો કરવામાં આવ્યો હોવાની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. જૂની અદાવત અને આંતરિક વિવાદના અહંકારમાં કરાયેલા આ હુમલાથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. મળતી ચોક્કસ માહિતી મુજબ, સોસાયટીમાં જ રહેતા જયદીપ પ્રજાપતિ નામના



શખ્સ સાથે સોસાયટીના વોટ્સએપ ગ્રુપ અને અન્ય બાબતોને લઈને અગાઉથી મનદુઃખ અને વિવાદ ચાલી રહ્યો હતો. આ જૂની અદાવતના ખાર રાખીને આરોપીએ સોસાયટીના ખજાનચી અને સેકન્ડ હેન્ડ કારનો વ્યવસાય કરતા ૪૮ વર્ષીય સુનીલભાઈ પટેલને નિશાન બનાવ્યા હતા.

મામલો ત્યારે વધુ ગરમાયો જ્યારે ત્રાગડ ગામના કેટલાક અસમાજિક અને લુખ્ખા શખ્સો–જેમાં શકરાજી વીરાજી ઠાકોર અને ભરત ઠાકોર મુખ્ય હતા–સોસાયટીના સુરક્ષા ગેટને તોડીને કે અંદર દબાણ કરીને ઘસી આવ્યા હતા. આ શખ્સોએ સોસાયટીના ખજાનચી સુનીલભાઈ પર લાકડીઓ અને ઘાતક હથિયારોથી નિર્મમ હુમલો કર્યો હતો. સોસાયટીના સિક્યુરિટી ગાર્ડ અને હાઉસકીપિંગ સ્ટાફે વચ્ચે પડીને માંડ-માંડ સુનીલભાઈને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

### SG હાઈવે વાહન ચાલકો માટે કેટલો સુરક્ષિત?

## કર્ણાવતી ક્લબ સર્કલ પાસે બેફામ BMW કારચાલકનો આતંક

અમદાવાદ

અમદાવાદની લાઈફલાઈન ગણાતો એસ.જી. હાઈવે (Sarkhej-Gandhinagar Highway) હવે વાહનચાલકો માટે રોજિંદો રસ્તો નહીં, પરંતુ જાણે કોઈ મોતનું મેદાન બનતો જઈ રહ્યો છે. હાઈપ્રોફાઈલ અને બેફામ ડ્રાઈવરો માટે કાયદો અને ટ્રાફિકના નિયમો જાણે કોઈ કાગળના ટુકડા સમાન બની ગયા છે. એસ.જી. હાઈવે પર આવેલા જાણીતા કર્ણાવતી ક્લબ ચાર રસ્તા (Karnavati Crossroads) પાસે નબીરાઈ બેફામ ડ્રાઈવિંગનો વધુ એક ઘાતક કિસ્સો સામે આવ્યો છે. પુરપાટ ઝડપે દોડતી એક લક્ઝુરિયસ BMW કારના ચાલકે રસ્તા પર કેર વર્તાવતા એકસાથે એક્ટિવા,



ઓટોરિક્ષા અને અન્ય એક કારને અડફેટે લીધી હતી, જેમાં બે સગા ભાઈઓ સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને નબીરો અકસ્માત સર્જીને ફરાર થઈ ગયો છે! પ્રાપ્ત વિગતો અનુસાર, એસ.જી. હાઈવે પર કર્ણાવતી ચાર રસ્તા નજીકથી સામાન્ય વાહનચાલકો શાંતિથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલી એક બેકાબૂ BMW કારના ચાલકે પોતાની ગાડી પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ બેફામ કારે સૌથી પહેલા આગળ જઈ રહેલા એક્ટિવાને પાછળથી પૂરઝડપે ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવા પર સવાર બે સગા ભાઈઓ હવામાં ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પરંતુ આ રાક્ષસી ડ્રાઈવિંગ અહીં જ અટક્યું નહોતું. એક્ટિવાને ઉડાવ્યા બાદ પણ નબીરાની સ્પીડ ઘટી ન હતી. તેણે આગળ જઈ રહેલી એક ઓટોરિક્ષાને પણ ધડાકાભેર ટક્કર મારી હતી, જેના કારણે રિક્ષામાં બેઠેલા એક મુસાફરને પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI